Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૨૯ • તા. ૧૮ જુલાઈ ૨૦૧૬ થી ૨૪ જુલાઈ ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17



## ધમાલના કમાલ ખેલૈયા... નાટક-ફિલ્મમાં પોતાની કલાની ઝલક આપી એ ક્ષેત્રે નાનાભાઈની ઉજ્વલ કારકિર્દીના ઘડવૈયા

# શ્રી લક્ષ્મીચંદ ભારમલ નાગડાને જન્મશતાબ્દીએ સ્મરણાંજલિ

### જન્મ તા. ૨૩/૦૭/૧૯૧૬ • દેહાંત તા. ૦૫/૦૭/૧૯૯૯





ગુજરાતી નાટકો-ફિલ્મોની સમૃધ્ધ કરવાની વાત આવે ત્યારે બધા કચ્છીએ જેમનું નામ ગર્વથી લે છે તેવા 'રાસેશ્વર'નું બિરુદ પામેલા મૂળ રાપરગઢવારીના મસ્જિદબંદરમાં, અનંત નિવાસમાં વસેલા લક્ષ્મીચંદભાઈ અને ચાંપશીભાઈ ભારમલ નાગડામાંના લક્ષ્મીચંદ ભાઈની જન્મશતાબ્દિ તા. ૨૩મી જુલાઈ ૨૦૧૬ના આવે છે. સમસ્ત કચ્છે તેની નોંધ લીધી છે.

**લક્ષ્મીચંદભાઈ અને ચાંપશીભાઈએ ક.દ.ઓ. જ્ઞાતિની ''ધમાલ દાંડીયા રાસ'' કલાને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત કરી. તેમણે ગુજરાતી નાટકો અને -ફિલ્મોને સમૃધ્ધ કરી ક.દ.ઓ. જ્ઞાતિ સંસ્કારી-કલાપ્રેમી જ્ઞાતિ હોવાનું ગૌરવ અપાવ્યું. તેમની દાંડીયારાસ કલાને બૃહદ સ્તરે માન મળેલું જોઈ જ્ઞાતિના કલાપ્રેમીઓ ''ધમાલ દાંડીયારાસ''ની કલા પ્રત્યે જાગૃત થયા અને તેના સંવર્ધન માટે વિવિધ દાંડીયા રાસ મંડળો સ્થપાયા જેણે કારણે એ કળા જ્ઞાતિ અસ્મિતાનો અવિભાજ્ય હિસ્સો બની ગઈ. તેમણે રામ-લક્ષ્મણની જોડીની જેમ બંધુત્વના આદર્શને સાકાર કર્યો. આ જોડીમાંના મોટા ભાઈ લક્ષ્મીચંદભાઈની જન્મ શતાબ્દી નિમિત્તે એમને કન્હૈયાલાલ જોષીએ જન્મભૂમિમાંની મુંબઈ જી ગાલ કોલેમમાં આપેલ સ્મરણાંજલિ સાદર પ્રસ્તુત છે.**

અનુસંધાન ૧૯મા પાને





પ્રથમ તસવીરમાં ડાબેથી જમણે : ચાંપશીભાઈ, નૃત્યકાર ઉદયશંકર, નૃત્યાંગના અભિનેત્રી આશા પારેખ, લક્ષ્મીચંદભાઈ અને નૃત્ય દિગ્દર્શક યોગેશભાઈ • વચલી તસવીરમાં નાગડા બંધુઓની ધમાલને ચિરંજીવી બનાવનાર આઈ.એન.ટી. દ્વારા દાંડીયા સ્પર્ધા માટે અપાતી ટ્રોફી • તૃતીય તસવીરમાં ડાબેથી સહધર્માચારિણી મીઠીબાઈ સાથે લક્ષ્મીચંદભાઈ તેમજ ચાંપશીભાઈ સાથે તેમના સહધર્માચારિણી હિરબાઈ

।। શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ- ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો નમઃ ।।

।। શ્રી ચંદ્રપ્રભ સ્વામિને નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા અને શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ - નલીયા

ધર્મશાળા ફલિયા, નલિયા, તા. અબડાસા, કચ્છ પીન – ૩૭૦ ૬૫૫.

આયોજીત







**શ્રી કચ્છ નલીયા નગરે શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દિ વર્ષે – ધ્વજારોહણ પ્રસંગે**
**પરમાત્મભક્તિ સ્વરૂપ પંચાન્હિકા મહોત્સવ ચડાવા નિમિત્તે**

# આમંત્રણમ્

આદરણીય શ્રી નલીયા ગામવાસીઓ તથા તેના વાડા છાડુરા, સુખપર, વડસર, રામપર તથા નલીયાગામની નીયાણી બહેનો સહકુટુંબ તથા સ્વજનો, સાધર્મિક બંધુઓ... પ્રણામ !

## પંચાન્હિકા મહોત્સવની આ છે મોંઘેરી ક્ષણો...

| | | |
|---|---|---|
| માગસર વદ ૧૩ સોમવાર, તા. ૨૬-૧૨-૨૦૧૬ | : | કુંભ સ્થાપના, દિપક સ્થાપના, જ્વારા રોપણ, દશદિક્પાલ, નવ ગ્રહ, અષ્ટમંગલ (પાટલા પૂજન) |
| માગસર વદ ૧૪ મંગળવાર, તા. ૨૭-૧૨-૨૦૧૬ | : | રથયાત્રા અને સિધ્ધચક્ર મહાપૂજન |
| માગસર વદ ૩૦ બુધવાર, તા. ૨૮-૧૨-૨૦૧૬ | : | ભક્તામર મહાપૂજન |
| પોષ સુદ ૧ ગુરૂવાર, તા. ૨૯-૧૨-૨૦૧૬ | : | ધ્વજારોહણ તથા ગૌતમ સ્વામી મહાપૂજન |
| પોષ સુદ ૨ શુક્રવાર, તા. ૩૦-૧૨-૨૦૧૬ | : | દ્વાર ઉદ્‌ઘાટન તથા લઘુશાંતી સ્નાત્ર પૂજન તથા રથયાત્રા – કુમારપાળ મહારાજા નગરશેઠ શાલિભદ્રની પેટી તથા પાંચ મહાન દિવસોના સાધર્મિક ભક્તિના તથા પંચાન્હિકા મહોત્સવ નિમિત્તે અન્ય ચડાવા રહેશે. |

નલીયા ગામની અન્ય સંસ્થાઓના સાથ અને સહકાર સાથે આ પંચાન્હિકા મહોત્સવનું આયોજન કરેલ છે.

**તારીખ :** રવિવાર, ૦૭-૦૮-૨૦૧૬
**સમય :** સવારના ૯ થી બપોરે ૨ વાગ્યા સુધી

**ચડાવાનો શુભ સ્થળ :** ક્રીસ્ટલ હોલ, ટીપટોપ પ્લાઝા, ૧લે માળે, થાણા (વેસ્ટ)

**નવકારશી :** સવારે ૮.૩૦ થી ૯.૩૦
**સાધર્મિક ભક્તિ :** બપોરે ૧.૦૦ થી ૨.૦૦

**ચડાવાનો પ્રેરક માહોલ સર્જવા પધારશે બંધુ ત્રિપુટીસહ વિધીકાર સુશ્રાવક શ્રી નરેન્દ્રભાઈ નંદુ**

નવકાર મંત્ર આરાધક.... સળંગ વર્ષીતપના સાધક દેશ પરદેશમાં પ્રખ્યાત શુદ્ધ અને શાસ્ત્રોક્ત વિધીકાર સુશ્રાવક શ્રી નરેન્દ્રભાઈ નંદુ ચિ. કૈવન – જય અને મેઘ નંદુ ની બંધુ ત્રિપુટી સહ સંગીત અને શબ્દના સથવારે સહિરક શતાબ્દીના ચડાવાઓનું મહત્ત્વ સમજાવી. ચડતા ભાવ જગાવશે....

**અનોખા હશે સહિરક શતાબ્દીના ચડાવા, ચઢતા ભાવે પધારો લહાવો લેવા**

ચડાવાનાં આ ધન્ય અવસરે સમસ્ત ગ્રામવાસીઓ...નિયાણીબેનોને સહકુટુંબ પધારી
કચ્છ - ગચ્છ - શાસનશાન વધારવા ભાવભર્યુ આમંત્રણ...અતીતનો અરીસો... સ્મૃતિનો એ વારસો
શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલય પ્રતિષ્ઠા સ. ૧૮૯૭ મહાસુદ ૫ વસંતપંચમી જિનાલયનો ૧૭૬માં વર્ષ પ્રવેશ..
દર્શન કરી પ્રાપ્ત થશે હર્ષ... ચંદ્રપ્રભસ્વામિની હાકલ આવી છે ૧૭૬ ધજા લહેરાવવાનો અવસર લાવી છે.
નલીયાવાસીનાં અંતરે મનભાવી છે. જ્ઞાતિશિરોમણી શેઠશ્રી નરશીનાથાની સ્મૃતિને સરખાવી છે.
તન-મન-ધનથી સૌએ વધાવી છે તો ચાલો ! નલીનપુરવાસીઓ ! માદરે વતનનાં મીઠા મેળાવડે
ચંદ્રપ્રભસ્વામિનાં દ્વારે જયકીર્તિનાં તોરણ બાંધીએ પ્રસંગનો પુષ્પ એવું ખીલવીએ
કે જેની સુવાસ દ્વિશતાબ્દિ સુધી અમર રહે....જય હો ચંદ્રપ્રભસ્વામિ ભગવાનનો....

-: પ્રસંગ રંગ આયોજક :-

**લિ. શ્રી ક.દ. ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન નલીયા**
**અને શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ નલીયા વતી ટ્રસ્ટી ગણ**

UPASANA - 9820167767

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 29/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## આપવા માટે કશું જ નથી ! – પ્રવીણ લોડાયા, વડોદરા

આ વર્ષનું ચોમાસું વડોદરા માટે ઐતિહાસિક ચોમાસું બની રહેશે. પૂજ્ય રત્ન સુંદરજી મહારાજ સાહેબે ૩૫ વર્ષ પછી વડોદરાની વિનંતિ સ્વીકારી છે. સામાન્ય ભાષામાં કહીએ તો ૩૫ વર્ષે અમારો નંબર લાગ્યો છે.

હિન્દુ સંસ્કૃતિ, જૈન અને બૌધ્ધ સંસ્કૃતિમાં ચાતુર્માસનું અનેરૂં મહત્ત્વ છે. મહારાજ સાહેબોના વ્યાખ્યાન સાંભવવા એ એક કર્તવ્ય છે. તેઓ પોતપોતાની રીતે વ્યાખ્યાનમાં, પ્રવચનમાં ઉપદેશ આપે છે. એ ઉપદેશ સાંભળીને શ્રાવકો અને ભક્તો પોતપોતાની શક્તિ પ્રમાણે દાન-પુણ્ય કરે છે.

જૈનોમાં વસ્તુપાળ-તેજપાળ, વિમલ શાહ, જગડુશા વિગેરે અનેક નામી અનામી દાનવીર થઈ ગયા. આપણી જ્ઞાતિની દૃષ્ટિએ હાલમાં રાયચંદ ધરમશી થઈ ગયા. દરેક દાનવીરો ઉપર મહારાજ સાહેબોનો જબરજસ્ત પ્રભાવ જોવામાં આવે છે.

ત્યારે એક વિચાર આવ્યો કે પાશ્ચાત્ય દેશોમાં કોઈ ઉપદેશક નથી. આપણી સંસ્કૃતિમાં છે એવા ત્યાગી મહાત્માઓ નથી. એ લોકો પોતાના દિલથી, કોઈ ઉપદેશક નથી કોઈ તો પ્રભાવ નથી તેમ છતાં દાન કરવામાં આપણાથી ઘણા આગળ છે. તેનું શું કારણ ?

બિલ-ગેટ્સ, વોરેન બફેટ અને ઝુકરબર્ગના નામો બધાએ સાંભળ્યા છે. ઝુકરબર્ગે તો પોતાની દીકરીના જન્મની ખુશાલીમાં પોતાની પુરી સંપત્તિ ૨૫૦ લાખ કરોડ રૂપિયા દાનમાં આપી દીધા. તેવીજ રીતે ભારતના અઝીમ પ્રેમજીએ પોતાની ૬૦થી ૭૦ ટકા સંપત્તિ દાનમાં આપી છે. તેમણે કોનો ઉપદેશ સાંભળ્યો ? આ બધા વિચાર અમેરિકાના ટાઈમ મેગેઝીન વાંચતા આવ્યા.

અમેરિકાની આઝાદીની ૨૪૦મી વર્ષગાંઠ નિમિત્તે ટાઈમ મેગેઝીને આ અવસરે અમેરિકાની કેટલીક વિશિષ્ટતાઓને આલેખી છે. જેના માટે અમેરિકા વિશ્વમાં વખણાય છે.

અમેરિકાની ઓળખ માનવીની આઝાદી સાથે જોડાયેલા મુલ્યોની રક્ષા કરનારા દેશની છે. તેણે પોતાની સૈનિક અને આર્થિક શક્તિની સાથે વિવિધતા માટે ઓળખવામાં આવે છે. ત્યાં દુનિયાભરથી આવેલા લોકો મધ્યે ખૂબ જ મોટી સંખ્યામાં છે. ત્યાં દરેક વ્યક્તિને સ્વતંત્રતા અપાઈ છે. સંશોધન નવા વિચાર, એન્ટપ્રેન્યોરશીપની ભાવનાએ અમેરિકી સમાજને દુનિયામાં ખાસ દરવજ્જો અપાયો છે.

'ટાઈમ' લખે છે અમેરિકામાં પરોપકાર અને દાન આપવાની પરંપરા ખૂબ જ જૂની છે. જૂના જમાનાના અગ્રણી લોકો પ્રમાણે બફેટ, બીલ ગેટ્સ અને ઝૂકરબર્ગ જેવા આધુનિક અબજપતિઓ પણ સારા કામોને પ્રોત્સાહન આપી રહ્યા છે.

સમાજ માટે ધન આપવાની પ્રથાને દેશના પિતામહોએ શરૂ કરી હતી. બેન્ઝામીન ફ્રેન્કલીનનું જ્યારે ૧૭૯૦માં નિધન થયું ત્યારે તેઓ હજારો પાઉન્ડની ભેટ ટ્રસ્ટના નામે મૂકી ગયા હતા. એક ભેટ બોસ્ટન અને બીજી ફિલાડેલ્ફીયા માટે હતી.

ગૃહયુધ્દ બાદ ઔદ્યોગિકરણ અને અમુક લોકોના હાથમાં અઢળક સંપત્તિ આવી જવાથી અસમાનતા વધી હતી. તેના જવાબમાં ઈસ્પાત વ્યવસાયી એન્ડ્યુ કાર્નેગીએ વૈજ્ઞાનિક પરોપકારની શરૂઆત કરી હતી. કાનેગીએ તેમના જીવન કાળમાં ૩૫૦ કરોડ ડોલરનું દાન કર્યુ હતું. આજે તેનું મુલ્ય અબજો ડોલર જેટલું થાય.

વીસ વર્ષ બાદ જોન રોકફેલરએ રોકફેલર ફાઉન્ડેશનનો પાયો નાખ્યો હતો. ટૂંક જ સમયમાં આ સૌથી મોટું સહાયતા ટ્રસ્ટ બની ગયું. બીજા વિશ્વ યુધ્ધ પહેલાં રોકફેલર ફાઉન્ડેશને એટલી વિદેશી મદદ કરી કે એટલી તો અમેરિકાની સરકાર પણ કરી શકી ન હતી.

સારા હીરો સીઅર્સ, રોબક એન્ડ કંપનીના જૂલીયસ રોસેમવાલ્ડએ છૂટા પડી ગયેલા

દક્ષિણી ક્ષેત્રમાં ૫૩૦૦ શાળાઓ શરૂ કરી હતી. તેનાથી અશ્વેતોની એક પેઢી માટે શાળાના બારણા ખૂલી ગયા હતા. ઉદારતાની આ સંસ્કૃતિનું શું કારણ છે ?

અમેરિકાએ ૨૦૧૫માં એકલવ્યની જેમ ગુરૂની કલ્પના કરીને ૨૫૦૦૦ અબજ રૂપિયાથી વધારે દાનમાં આપી દીધા છે. આ દરરોજના ૬૮ અબજ રૂપિયાથી વધારે છે. તેમણે પરોપકારી પ્રવૃત્તિઓમાં વધારે ખર્ચ કર્યો છે. ગત વર્ષે છ કરોડ ૨૬ લાખ અમેરિકીઓએ એક વાર કોઈને કોઈ પ્રવૃત્તિમાં ભાગ લીધો છે. સોલ્ટ લેક સિટીના લોકોએ સૌથી વધારે સમય ફાળવ્યો છે.

આપણનો ખબર છે કે પૂજ્ય રત્નસુંદરજી મહારાજ સાહેબ અમેરિકામાં આવી શકવાના નથી જૈન ધર્મમાં દારિયાપાર જવાનું નિષેધ છે. એટલે ગુરુના આદેશનું પાલન કરવું આપણું કર્તવ્ય છે અને તેઓ બરાબર કર્તવ્ય પાલન કરી રહ્યા છે.

જ્યારે આપણે વયોવૃદ્ધ મહારાજ સાહેબને, બાયપાસ કરેલા મહારાજ સાહેબને આપણા સ્વાર્થ ખાતર આ દેરાસરથી પેલા દેરાસર સુધી છેલ્લા વીસ દિવસથી દોડાવી રહ્યા છીએ.

કેમ આપણે આપણા દોષોનું ચિંતન કરતા નથી. કેમ મહારાજ સાહેબ પાસે જઈને કન્ફેશન કરીને આપણા દોષોનું પ્રાયશ્ચિત કરતા નથી. 'ક્ષમાપના' શબ્દ ફક્ત પર્યુષણ પર્વના પાંચ કર્તવ્યોમાં જ શોભે. મહાવીરના સંતાનો માટે એમની કરૂણા, અપરંપાર છે એટલે લો તેઓ આપણને જગાવવા તનતોડ મહેનત કરી રહ્યા છે. ખરેખર તો આપણને દુઃખ થવું જોઇએ કે આપણે એમને એટલો ત્રાસ આપી રહ્યા છીએ.

પૈસા વગર પણ આપણે શું દાન આપી શકીએ ? તે સમજવા માટે નીચેનું દૃષ્ટાંત પૂરતું છે :

એક ગરીબ માણસે ભગવાન મહાવીરને પુછ્યુંઃ 'હું એટલો ગરીબ કેમ છું?' ભગવાને કહ્યું : તું ગરીબ છે કેમ કે તું આપવાનું શિખ્યો નહીં. ગરીબ માણસે કહ્યું : ''મારી પાસે આપવા માટે કશું નથી''

ભગવાને કહ્યું : 'છે તારી પાસે છે મેહરો. એક મુસ્કાન આપી શકે. તારું મોઢું : તું દરેકની પ્રશંસા કરી શકે. બે મીઠા બોલ બોલી શકે. તારા હાથ : કોઈ જરૂરિયાત વાળા માણસને સહાય કરી શકે. અને તું કહે છે તારી પાસે આપવા માટે કશું જ નથી

''પામવાનો હક્ક એને જ છે, જે આપવાનું જાણતો હોય''


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


**સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો.**

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણા બહૂજ લાંબી વિગતોવાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના થઈ, નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**

## વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

શરૂઆતના ધુલ્લા પરિવારોના રાણધણજરમાં વસવાટ બાદ ખુસડો અને ત્યાંથી સાંધાણ, સુથરી ગયેલ હોય તેવું જાણાય છે. સુથરી, તેરા, કોઠારા, રાપર, જખૌના ધુલ્લા પરિવારો કુલદેવી સ્થાન સાંધાણ લખે છે તેથી આ ગામના વસવાટ પહેલા સાંધાણમાં વસવાટ થયો હશે તેમ માની શકાય. ધુલાણી શાહથી ૭મી પેઢીએ થયેલ દેવરાજ પાલાણી સાંધાણ વસ્યા અને પાલાના અન્ય પુત્ર ભારીઆનો વસવાટ ખુઅડે થયો. ભારીયા પરિવાર થોડાક જ સમયમાં ખુઅડેથી ગામધણી સાથે ખુઅડે તકરાર થતા દંડ પરિવાર સાથે સુથરી આવી વસ્યો. નોંધમાં ભારીયાના પુત્ર સામત (સવો) રાયધણજર રહ્યો.

બાંઢીયાના ધુલ્લા પરિવારોની વહીમાં 'સીઘોડ-નૂખ ખોંભડા તેને સીઘોડ કહે છે હવે ધોલા કહે છે. આવો ઉલ્લેખ છે. તેમજ વંશાવલીને અંતે ધુલાણીશાહ બાદ ખોંભડાણી-પરમારાણી જેવા શબ્દો આવે છે. મૂળ પુરુષ (પ્રસિદ્ધ) પુરુષની ઓળખ રાખવા કદાચ આવા શબ્દ પ્રયોગ થતા હશે. ઉપરોક્ત બાબત પરથી ધુલ્લા ગોત્ર પરમારમાંથી અને ખોંભડા શાખામાંથી નીકળ્યું હશે. તેવું અનુમાન કરી શકાય.

દેવા (દેવરાજ) પાલાણીના પૌત્ર હરધોર હરરાજ (હંસરાજ) તેના પુત્ર ગાંગાના સગપણ માટે હાલાર આવ્યા તેવી નોંધ છે. અન્ય એક નોંધ મુજબ ભારીયાના પુત્ર સામત તેનો પુત્ર કાંયા તેના પુત્ર નરપાર તેનો પુત્ર દેવરાજ હાલારમાં આવ્યો તેવી નોંધ છે. બીજી નોંધમાં કાંયા સામતાણીના પુત્ર દેવસી તેના પૌત્ર વીરો મેઘણ ખુઅડેથી મોટી ખાવડી આવ્યા તેવી નોંધ મળે છે. જે મુજબ આસરે ૨૫૦ વરસ પહેલા ધુલ્લા પરિવારો હાલાર તરફ આવ્યા હશે એવું અનુમાન લગાવી શકાય. ધુલ્લા પરિવારની થોડી પાંખડીઓ નીચે મુજબ છે.

**૧) બાંઢીયા :** મહેન્દ્ર, ગોવીંદજી, ભારમલ, મુરજી, હંસરાજ, વીરપાર, ભોજરાજ, ભારમલ, રૂપસી, પદમસી, જેઠા, કલ્યાણ, હીરાણી, દેવરાજ, ડાહીયો, ભારીયાણી, પાલાણી, ચાંપાણી, રાજાણી, સીદે(કરણ), રતન, માલાણી, ગઘયાણી, ઘોલાણી, ખોંભડાણી, પરમારાણી. આ પાંખડીમાં ગંગાજર, દેવણાંધ, લખુ પદમશી, પોડસો થયો.

**૨) બાંઅેંટ :** નવિનચંદ્ર નારણજી, માંયા, માણેક, જગસી, દેવરાજ, માલદે ભીંયુ, ખીંયાણી. જાદવ, ચાંપો, દેઅરો, આસારીયો, ખેતો, માણેક, મુરો.... માંયા માણેક બાંઢીયાથી મંજલ અને પછી બાંઅેટ વસ્યા તેની નોંધ છે. એમના પુત્રો



આસારીયા જન્મ સંવત ૧૯૬૨, પદમસી જન્મ સ. ૧૯૬૭, નારણજી જન્મ સં. ૧૯૮૧. તેથી આસરે ૧૦૦-૧૨૫ વરસ પહેલા બાંઢીયાથી આ પરિવાર બાંએંટ ગયેલ હશે.

**૩) બાંઢીયા :** જેઠાલાલ, વેલજી, હીરજી, મુરજી, કેશવજી, મુરજી, હંસરાજ, વીરપાર, ભોજરાજ... (આગળ નં. ૧ મુજબ)

**૪) ભરૂડીયા :** અનીલ, નવીનચંદ, દામજી, હંસરાજ, રતનસી,કુરસી, ચાંપસી, દેવરાજ, નરપાર, પદમસી, હરઘોર, હેમરાજ, (હરરાજ દેવા પાલાણી, ચાંપાણી.... (આગળ નં. ૧ મુજબ)

**૫) દલતુંગી :** સોમચંદ, પુનશી, ગોવીંદજી, નેણસી, વીરઘોર, દેવરાજ, નરપાર, પદમસી, હરઘોર (આગળ નં. ૪ મુજબ) દેવરાજના પુત્રો વીરઘોર અને ચાંપસી વસવાટ ભરૂડિયા

**૬) સાંધાણ :** મણીલાલ, ખીમજી, જેઠા, માડણ, તેજસી, હીરજી, ડેરાજ, જીવરાજ, હારઘોર, હેમરાજ... (આગળ નં. ૪ મુજબ) માડણ તેજસી શેઠશ્રી નરશી નાથાના ભાણેજ થતા હતા. જેઠા માડણ નિઃસંતાન હોવાથી ભરૂડિયાના હંસરાજ રતનશી કુરસીના ભાઈ ખીમજીને દત્તક લીધેલ.)

**૭) તેરા :** વેલજી, દેવજી, ભારમલ, સોદે, રતન, રામદે, હીરા, દેવરાજ, ડાહ્યા, ભારીયા, પાલાણી, ચાંપાણી.. (આગળ નં. ૧ મુજબ). ભારીયાના પૌત્ર દેવરાજ ડાહ્યાનો પરિવાર તેરા વસ્યો.

**૮) જખૌ :** મણીકાંત, હીરજી, હરપાર, આસમન, અરજણ, આગળની કડી મળતી નથી. પરંતુ એક પાંખડી છે જે અરજણ પાસે અટકે છે. અરજણ જગો, ખીમણાંઘ ગોસર, સવો, ભારીયો, પાલાણી, ચાંપાણી (કદાચ અહીં મળે તેવી શક્યતા છે. કદાચ ધુલ્લાની અન્ય વહીમાં વિગત મળી રહે.

૯) સુથરી : વિનોદ, કરમસી, ખેતસી, કેશવજી, ભોજરાજ, દેવણાંઘ, કરમણ, નરપાર, પદમસી, હરઘોર, હરદાજ (હેમરાજ), દેવા, પાલાણી, સાંધાણી... (આગળ નં. ૪ મુજબ)

નરપારનો પુત્ર લીલાધર સાંધાણ વસ્યો, નરપારનો પુત્ર મેઘણ જખૌ વસ્યો, નરપાર પુત્ર કરમણ સુથરીમાં રહ્યો, નરપારનો પુત્ર પેથરાજ વારાપધર વસ્યો અને નરપારનો પુત્ર દેવરાજ હાલાર વસ્યા.

૧૦) સુથરી : હંસકુમાર, હીરાચંદ, હીરજી, ખેતસી, ખીંયસી, કરમણ, નરપાર, પદમસી, હરઘોર, હરદાજ, દેવા, પાલાણી, ચાંપાણી... (આગળ નં ૧ મુજબ)

૧૧) સુથરી : ખીમજી, મેઘણ, દેવસી, કાંયા, સામત,


|| શ્રી ચંદ્રપ્રભસ્વામીને નમઃ ||

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલિયા**

**વાર્ષિક સામાન્ય સભાની જાહેરખબર**

તા. ૨૦-૭-૨૦૧૬

સર્વે નલિયાવાસી તથા નલિયા ગામના વાડા છાદુરા, રામપર, સુખપર, વડસરના ભાઈઓ અને બહેનો..

મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા **શનિવાર, તા. ૦૩-૦૯-૨૦૧૬ના** સમય રાતના ૯.૦૦ વાગે નલીયામાં મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબ કાર્યવાહી હાથ ધરાશે

૧. ગત મીનીટસનું વાંચન અને બહાલી

૨. મહાજનશ્રીનો વાર્ષિક અહેવાલ

૩. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના વાર્ષિક ઓડીટેડ હિસાબોનું વાંચન અને બહાલી

૪. આવેલ પત્રોનું વાંચન

૫. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

લિ.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલિયા**

|| જીવદયા પરમો ધર્મ ||

**શ્રી નલિયા પાંજરાપોળ ગોશાળા ચેરીટેબલ ટ્રસ્ટ**

**વાર્ષિક સામાન્ય સભા**

તા. ૨૦-૭-૨૦૧૬

સર્વે નલિયાવાસી તથા નલિયા ગામના વાડાના ભાઈઓ અને બહેનો..

પાંજરાપોળ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા **શનિવાર, તા. ૦૩-૦૮-૨૦૧૬** સમય રાતના ૮.૩૦ વાગે નલીયામાં મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબ કાર્યવાહી રહેશે.

-: કાર્યસૂચિ :-

૧. ગત મિનિટસનું વાંચન અને બહાલી આપવી.

૨. પાંજરાપોળનો વાર્ષિક અહેવાલ

૩. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના વાર્ષિક ઓડીટેડ હિસાબોનું વાંચન અને બહાલી

૪. આવેલ પત્રોનું વાંચન

૫. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

**ટ્રસ્ટીગણ**

**શ્રી નલિયા પાંજરાપોળ ગોશાળા ચેરીટેબલ ટ્રસ્ટ**

ભારીયા, પાલાણી, ચાંપાણી, રાજાણી... (આગળ નં. ૧ મુજબ)

આ ઉપરાંત થોડી પાંખડીઓ છે પરંતુ તેના ગામ મળતા નથી

૧) દામજી, પેથડ, તેજસી, ખીંયરાજ, રાજાણી, સોમાણી, ભારમલ, હેમરાજ, પાલાણી, ચાંપાણી, રાજાણી...

૨) પુનશી, ગંગાજર, સવરાજ, લખધાર, આસપાર, ભોજરાજ, સામત, ભારાયાણી, પાલાણી, ચાંપાણી...

૩) મેઘણ, ઘેલાણી, જગાણી, ખીમણાંધ, ગોસર, સવાણી ઉર્ફે સામત, ભારીયો, પાલાણી...

૪) કરમસી, પાસડ, હંસરાજ, ડાહીઓ, ભારીઓ, પાલાણી, ચાંપાણી.

૫) ખીંયુ, મેરગ, રાજપાર, લાખાણી, કાનડ, ભારીયાણી, પાલાણી...

૬) કમુ, વીરમ, ભીંયસી, હીરાણી, દેરાજ, આસમલાણી, દેવાણી, પાલાણી, ચાંપાણી...

૭) કેશવ, પત્રામલ, વીરપાર, ખીમણાંધ, ભીંયસી, હીરાણી, દેરાજ આસમલાણી, દેવાણી, પાલાણી, ચાંપાણી...

૮) વીસર, સોદે, દેસર, રતનશી, રામદે, હીરાણી, દેરાજ, આસમ, પાલાણી, ચાંપાણી...

૯) કલ્યાણ, માલસી, કાનજી, દેવરો, જીવરાજ, હરદાજ, દેવા, પાલાણી, ચાંપાણી...

૧૦) રાયસી, કાંયા, આસપન, થોભણ, જીવરાજ, હરદાજ, દેવા, પાલાણી, ચાંપાણી....

૧૧) વસાઈયો, દામજી, મુરજી, નરપાર, પદમસી, હરધોર, હરદાજ, દેવા, પાલાણી, ચાંપાણી...

**સમસ્ત ક.દ.ઓ. મહાજન દ્વારા, એક્સીડન્ટ કલેઈમનો ચેક અર્પણ કરાયો**



સમસ્ત મહાજન પ્રેરિત શ્રેષ્ઠીશ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા રવા-ચેમ્બુર પરિવાર 'સમસ્ત જ્ઞાતિ આકસ્મીક વિમા કવચ યોજના' હેઠળ રૂા. ૨,૫૫,૦૦૦/-નો ચેક અકસ્માતે અવસાન પામેલ સ્વ. હીરેન દામજી દંડના પુત્રને તા. ૦૭-૦૭-૨૦૧૬ના મસ્જીદ બંદર ખાતે પૂજ્યશ્રીઓના ચાતુર્માસ પ્રવેશ અવસરે અનંતનાથ ઉપાશ્રય ખાતે, મુંબઈ મહાજનના પદાધિકારીઓના હસ્તે અપર્ણ કરાયેલ. બાળકોનું શિક્ષણ ચાલુ હોઈ વિમાની રકમ ઉપરાંત ૫૦૦૦/- બોનસ સ્વરૂપે મળેલ.


રક્ષા બંધન.... SALE...SALE

- Riddhi Art

RIDDHI ART

1Gm Jewellery



અમેરિકન ડાયમંડ પેન્ડન્ટ સેટ - અમેરિકન ડાયમંડ નેકલેસ સેટ - અમેરિકન ડાયમંડ બ્રેસલેટ - અમેરિકન ડાયમંડ બુટ્ટી - વીંટિ - અમેરિકન ડાયમંડ બંગડી ૧ ગ્રામ પોલીસ ચેડનશાર - એન્ટીક સેટ - રજવાડી સેટ કુંડન સેટ - માં નવુ સ્ટોક- નવી વેરાઇટી- ગેરંટી સાથે.



૫૦૦ની ખરીદિ પર.મેળવો. ૩૦૦ની
૭૫૦ની ખરીદિ પર.મેળવો. ૪૫૦ની
૧૦૦૦ની ખરીદિ પર.મેળવો. ૬૦૦ની
૧૫૦૦ની ખરીદિ પર.મેળવો. ૮૦૦ની
૨૦૦૦ની ખરીદિ પર.મેળવો. ૧૨૦૦ની
૨૫૦૦ની ખરીદિ પર.મેળવો. ૧૫૦૦ની
૩૦૦૦ની ખરીદિ પર.મેળવો. ૧૮૦૦ની
૪૦૦૦ની ખરીદિ પર.મેળવો. ૨૪૦૦ની
૫૦૦૦ની ખરીદિ પર.મેળવો. ૩૦૦૦ની

કોઈપણ એક જ્વેલરી FREE તમારા પસંદગીની

એડ્રેસ: ૬/૬, શ્રી ક્રિષ્ના નિવાસ. સંત ગાડગે મહારાજ લેન ભરતક્ષેત્રની બાજુની ગલીમાં. દાદા સાહેબ ફાલકે રોડ, દાદર(ઈ). મુંબઈ - ૧૪. ટે.: ૦૨૨ ૨૪૧૫૫૩૫૩ મો.:૯૨૨૫૩૨૫૦૭૫




વરસો પહેલાની વાત છે. મસૂર સાતારા ડ્રીસ્ટીક્ટના નાનકડા ખોબા જેવડા ગામમાં કચ્છથી આવીને વસ્યા. મારા દાદી ત્યારે મોટી ઉમરના હતા અવસ્થાના લીધે બીમાર રહેતા હતા. પછી સાંગલી રહેવા ગયા. એમની અંતિમ ઈચ્છા પાલીતાણાની જાત્રા કરવાની હતી. વડીલોએ બધાને મળીને નિર્ણય લીધો કે જાત્રા કરાવશું. પૂ. પિતાશ્રી સશક્ત અને ઈચ્છાશક્તિ પ્રબળ એટલે કાંઈ પણ કરીને જાત્રા કરશું અને કેવી રીતે કરાવી એ હજી પણ મારા સંસ્મરણો છે અને અભિમાન ગૌરવ થાય એવી વાત છે. ત્યારે સાંગલીથી ટ્રેનમાં પુના બદલી કરવાની, પુનાથી મુંબઈ અને મુંબઈથી ભાવનગર વિમાન દ્વારા અને ત્યાંથી પાલીતાણા પહોંચ્યા.

જાત્રા ડોલીથી કરી પણ ત્યારે નવટુંક અને દાદાની ટુંક જવા માટે ડોલીવાળાને જ્યાં નવટુંક તરફ રસ્તો જાપ છે ત્યાંજ ઉભો રાખતા. પૂ. દાદીઓ ઈચ્છા દર્શાવી નવટુંક પણ કરવી છે હુંતો ચાલી શકતી નથી. પળભરનો વિચાર ન કરતા પૂ. પિતાશ્રીએ પોતાની પીઠ ઉપર બેસાડી નવટુંક તથા દાદાની યાત્રા કરાવી અને માતૃભક્તિનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું એ આજે પણ મારા મનમાં અંકીત છે. ધન્ય છે શ્રવણ માતૃભક્તિને!

**– કાશ્મિરા વિરેન્દ્ર લુઠીયા, ઉત્તમ કલ્યાણજી ખોના**

શ્રી મોમાઈ માતાય નમઃ

ગામ કચ્છ લાલામાં બીરાજમાન મોમાઈ માં ને નમતા ભાવિકો ને જણાવવાનું કે **શ્રી માતાજીની પ્રથમ ગંધી બદલવાનો** કાર્યક્રમ કારતક સુદ પુનમ **તા. ૧૪-૧૧-૨૦૧૬**ને સોમવારના રાખેલ છે. સાથે શ્રી પુડશા દાદાની પણ ગંધી બદલાશે અને ત્યાર બાદ માતાજીની સંયુક્ત પહેડી રાખેલ છે. સર્વે ભક્તોને તેમજ નિયાણી બહેનોને ખાસ આમંત્રણ છે.

આપ સર્વેને **તા. ૧૩/૧૧/૨૦૧૬ના રવિવારના** લાલા મુકામે પધારવા વિનંતી. સાંજના ભાવિકોનો મેળાવડો તેમજ સંગીત-સંધ્યાનો કાર્યક્રમ રાખેલ છે. તો સર્વેને સમયસર પધારવું.

વધારાની માહીતી માટે સંપર્ક :

**અશોક મોમાયા – 099793 26640**

**રાજેશ મોમાયા – 098797 15866**

**હિતેન મોમાયા – 098201 29382**

લી. **ભોઈમાં વિજયાબેન અશોક મોમાયા, નલિયા**

મો. 078746 36878

## નવી કે.ડી.ઓ. જોબ્સ (રોજગાર) વેબસાઈટ

રોમિલ લોડાયા (નાસિક-બાંઢીયા), દીપક જૈન (દત્તાણી-લાલા), ફોલ્ગુન લોડાયા (ખામગાંવ-કોઠારા)એ જ્ઞાતિજનોને જ્ઞાતિજનોની કંપનીઓમાં રોજગાર મળે અને રોજગાર આપનારને પણ જ્ઞાતિની પ્રતિભાઓની ક્ષમતાનો લાભ મળે તે માટેના મંચ રૂપે કે.ડી.ઓ. જોબ્સ વેબસાઈટ URL: http://KDOJobs.in/ શરૂ કરે છે. તેમની સાથે તેમના ઈ-મેલ એડ્રેસ jobsforkdo@gmail.com પર સંવાદ સાધી શકશે.

## New KDO Jobs Website

**Romil Lodaya** (Nashik, Bandhia), **Deepak Jain** (Datani, Lala), **Falgun Lodaya** (Khamgaon, Kothara) have started KDO Jobs Website to help our community people to find jobs and companies they love and to provide a platform for our KDO recruiters to hire people from Available Talents of our community.

**URL: http://KDOJobs.in/**

For any questions, suggestions, feedback or comments, please E-mail at **jobsforkdo@gmail.com**

## ધજા તથા ગંધી

**કચ્છ કોઠારા સ્થાને મા ચામુંડાને નમતા મૈશેરી પરિવારજનો**

મા ચામુંડાની કૃપાએ સહર્ષ જણાવવાનું કે, મા મંદિરે કાયમ ધ્વજા ફરકાવવાના લાભાર્થી કચ્છ માંડવીના **શ્રી રતીલાલ માણેકજી મૈશેરી, શ્રી ચંદ્રકાંત માણેકજી મૈશેરી, શ્રી નવીન માણેકજી મૈશેરી** સહપરિવારે લીધો હોઈ તેઓશ્રી કારતક સુદ ચૌદશને **રવિવાર, તા. ૧૩-૧૧-૨૦૧૬**ના ધજા ફરકાવશે આપ સૌને કોઠારે સ્થાનકે પધારવા આમંત્રણ છે.

આપના ત્યાં રહેવા, જમવાની તે દિવસની વ્યવસ્થા કમિટી તરફથી કરવામાં આવશે. આપની ઉચ્ચિત સગવડતા માટે આગોતરી જાણ કરવા વિનંતી.

સાથે ભોઈમાં **અ.સૌ. મીનાબેન મયુર મૈશેરી,** લાલાવાળાની ''ગંધી'' પણ બદલાશે.

સંપર્ક : **મુકેશ દામજી મૈશેરી – 09323343363**
**ભરત નારાણજી મૈશેરી – 09969279397**
**લહેરચંદ વેલજી મૈશેરી – 09146465151**
**ખુશાલ વેલજી મૈશેરી – 09821010625**

**મા ના શ્રીફળે શ્રી ચામુંડા મા પહેડી પ્રસાદ કમીટી**

ACBL Estd 1984

# શ્રી અરિહંત કો. ઓપ. બેંક લી.

**Head Office :** GB 10 A & 10 B, Karma Stambh, Opp. Kailash Com. Complex, L.B.S. Marg, Vikroli (W), Mumbai - 400 083.
**H.O. Tel.:** 2579 9326 • **Fax :** 2579 9323 • **E-mail :** acblho@arihantbank.com

**શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડ વાર્ષિક સભામાં સહભાગી થવા શેરોની લઘુત્તમ સંખ્યા ૪૦ની હોય તેનું ધ્યાન રાખવા વિનંતી.**

નવા પેટા નિયમ (બાયલોઝ) પ્રમાણે જેમની પાસે શ્રી અરિહંત બેંકના ૪૦ શેર એટલે કે રૂા. ૧૦૦૦નું રોકાણ હશે તેવા સભ્યો જ આ વર્ષની વાર્ષિક સભામાં સહભાગી થવા માટે હકદાર રહેશે.

સભ્યોને આથી વિનંતી કરવામાં આવે છે કે તેમણે વાર્ષિક સભામાં સહભાગી થવામાં કોઈ અડચણ ન આવે તે માટે ૩૧મી જુલાઈ ૨૦૧૬ પહેલાં તેમના શેરોની સંખ્યા ૪૦ જેટલી ન હોય તો વધારાના શેરો ખરીદી શેરોની સંખ્યા ૪૦ સુધી પહોંચાડી દેવી. **અન્યથા, વાર્ષિક સભાની કાર્યવાહીમાં સહભાગી નહીં થઈ શકાય.**


## આરોગ્ય પ્રકાશ : મુખવાસથી આરોગ્ય

**મુખવાસ આપણે સામાન્ય રીતે કંઈ પણ ખાધા પછી મુખશુદ્ધી માટે લઈએ છીએ વધુમાં ખાધેલું બરાબર પચે તેવી ગણતરી પણ હોય છે. મુખવાસના બીજાપણ ઘણા ફાયદા છે. તેમાના બે રોગો માટે ના ઈલાજ સમાન ફાયદા નજર નાખીએ.**

**ડાયાબિટીઝ :** ડાયાબિટીઝના દરદીઓ કેરી ખાવામાં સંકોચ કરતા હોય છે, પરંતુ કેરીની ગોટલી તેમના માટે હિતકર છે. પાકી કેરીની ગોટલીઓને સૂકવીને એને બાફી, ખમણીને ફરી સૂકવીને કેરીની ગોટલીની કચરણ તૈયાર કરવામાં આવે છે. આ એક મહેનતનું કામ છે, પરંતુ બજારમાં અમુક જગ્યાએ એ તૈયાર પણ મળતી હોય છે.

આ સિવાય આદુને સૂકવીને એના ઝીણા-ઝીણા ટુકડા પણ ડાયાબિટીઝના દરદીઓ માટે લાભકારી હોય છે. આવો મુખવાસ ખાવાનો મહત્ત્વનો ફાયદો એ છે કે તેમના ખોરાકનો ગ્લાયસીમિક ઈન્ડેક્સ મુખવાસ થકી ઘટી જાય છે જે ખૂબ ઉપયોગી છે.

કેરીની ગોટલીનો મુખવાસ બનાવવા માટે ૨૦૦ ગ્રામ સૂકી ગોટલી, ૧૦૦ ગ્રામ વરિયાળી, ૧૦૦ ગ્રામ ધાણાદાળ, ૫૦ ગ્રામ સૂકા આદુના ટુકડા લો. બધું અલગ-અલગ શેકીને એમાં સંચળ, હળદર અને લીંબુ ભેળવીને ડબ્બામાં ભરી લો.

**કોલેસ્ટરોલ અને ફેટ્સ :** જે લોકોને કોલેસ્ટરોલથી બચવું છે અને જેઓ મેદસ્વી છે તેમના માટે એક ખાસ મુખવાસ છે જે આજકાલનો મૉડર્ન મુખવાસ ગણી શકાય. એની અંદર ખાસ કરીને બધાં ફળોનાં બીજ ઉમેરવામાં આવે છે. આ બીજ ન્યુટ્રિશનની દૃષ્ટિએ ઘણા જ સારાં ગણાય છે જેમાં ભરપૂર માત્રામાં સારી ગુણવત્તાના ફાઈબર્સ છે જે લોહીમાંથી ટ્રાઈગ્લિસરાઈડ્સ જેવી ફેટ્સને દૂર કરે છે અને કૉલેસ્ટરોલનું પ્રમાણ પણ ઘટાડે છે.

બીજનો મુખવાસ બનાવવા માટે પમ્પ્કિન એટલે કે કોળુંનાં સીડ્સ, તરબૂચનાં સીડ્સ અને સક્કરટેટીનાં સીડ્સ જોઈએ. આ સીડ્સ એટલે કે ફળમાં રહેલાં બીજને કાઢીને બરાબર ધોઈને સૂકવી દેવામાં આવે છે. એ બરાબર સૂકાઈ જાય પછી એને શેકી લેવાં અને ઉપર મીઠું કે સંચળ નાખી દેવું. મુખવાસમાં આ ત્રણેય સીડ્સનું પ્રમાણ એકસરખું રાખવું. જેમ કે બધાં જ સીડ્સ ૧૦૦ ગ્રામ લઈ શકાય. એની સાથે ૧૦૦ ગ્રામ વરિયાળી અને ૧૦૦ ગ્રામ ધાણાદાળ શેકીને ભેળવી શકાય છે. આ સિવાય અળસીનાં બીજ ફેટ્સ પર કાબૂ કરવા માટે ઉપયોગી છે.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



SALE SALE
Discount 5% to 50%
on ready Stock
૨૫ થી ૩૧ જુલાઈ ૨૦૧૬
(સોમવાર થી રવિવાર)

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમ : || ટ્રસ્ટ રજી. નંબર : E - ૫૬૪ (કચ્છ)

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા

ધર્મશાળા ફલીયા, નલીયા. તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં. ૦૨૮૩૨-૨૨૨૩૩૭

### શ્રી આવક-જાવક ખાતું (તા. ૦૧/૦૪/૨૦૧૫ થી ૩૧/૦૩/૨૦૧૬)

| જમા | આવક | ઉધાર | ખર્ચ |
|---|---|---|---|
| ૩૨૪૦૦.૦૦ | શ્રી દુકાન ભાડા આવક | ૧૫૦૪૦.૦૦ | શ્રી રીપેરીંગ ખર્ચ |
| ૩૯૩૯૨૦.૦૦ | શ્રી બેંક વ્યાજ S/B તથા F/D | ૪૫૩૫.૦૦ | શ્રી વીમો પ્રીમીયમ |
| ૧૫૨૯.૦૦ | શ્રી ઈન્કમ ટેક્ષ રીફંડ વ્યાજ | ૧૬૧૦.૦૦ | શ્રી ગ્રામ પંચાયત વેરો |
| ૧૫૦.૦૦ | શ્રી બેંક શેર ડીવીડન્ડ આવક | ૩૧૭૩૧૨.૫૦ | શ્રી વહીવટી ખર્ચ |
| ૨૬૩૩૨.૦૦ | શ્રી સાધર્મિક ભક્તિ આવક | ૧૩૮૧૦.૦૦ | શ્રી ઓડીટ ફી |
| ૧૭૯૦.૦૦ | શ્રી આંયબીલ ભેટ આવક | ૮૨૮૧.૦૦ | શ્રી ચેરીટી કમીશનર ફાળો |
| ૮૯૭૯.૦૦ | શ્રી સાધુ-સાધ્વી વૈયાવચ્ચ આવક | ૨૨૪૧.૦૦ | શ્રી ડેડ સ્ટોક રીપેરીંગ |
| ૫૪૪૮૪૮.૦૦ | શ્રી સંઘ જમણ આવક | ૨૦૨૦.૦૦ | શ્રી પરચુરણ ખર્ચ |
| ૨૨૦૭૨૭.૦૦ | શ્રી સાધારણ ભેટ | ૨૬૧૦૭.૦૦ | શ્રી ઘસારા ખર્ચ |
| ૮૮૧૮૮૨.૦૦ | શ્રી ચાતુરમાસ ભેટ આવક | ૫૭૫૦૫૪.૦૦ | શ્રી સંઘ જમણ ખર્ચ |
| ૧૦૫૩.૦૦ | શ્રી વાસણ/ગાદલા ભાડા | ૨૮૦૫૭.૦૦ | શ્રી સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ખર્ચ |
| ૩૦૩૧.૦૦ | શ્રી મહાજન લાગા આવક | ૯૪૧૨૪.૦૦ | શ્રી સાધારણ ખર્ચ |
| ૪૮૦૦.૦૦ | શ્રી ચુંટણી ફોર્મ અરજી ફી આવક | ૪૫૬૮૬૬.૦૦ | શ્રી ચાતુરમાસ ખર્ચ |
| | | ૪૫૬૨૬૫.૦૦ | શ્રી સ્નેહ મીલન ખર્ચ |
| | | ૫૯૪૫.૦૦ | શ્રી આંયબીલ ખર્ચ |
| | | ૧૧૪૧૭૩.૫૦ | શ્રી વધારો (ખર્ચથી) |
| ૨૧૨૧૪૪૧.૦૦ | કુલ ₹ | ૨૧૨૧૪૪૧.૦૦ | કુલ ₹ |

### તા. ૩૧ મી માર્ચ, ૨૦૧૬ સુધીનું પાકું સરવૈયું

| જમા | ફંડો અને જવાબદારી | ઉધાર | મિલ્કત - લેણાં |
|---|---|---|---|
| ૭૩૪૯૪૮.૭૫ | શ્રી ટ્રસ્ટ ફંડ | ૩૩૨૮૭૯૫.૦૦ | શ્રી સ્થાવર મિલકત |
| ૬૩૬૭૬૩૭.૧૩ | શ્રી ભોજનશાળા ફંડ | ૨૧૯૦૨૦.૦૦ | શ્રી ફર્નીચર ફીકસર A/c |
| ૧૩૮૧૭૫૦.૩૫ | શ્રી અંકિત ફંડ | ૧૬૭૨૨.૦૦ | શ્રી G.E.B. મીટર ડીપોઝીટ |
| ૭૨૪૫૮૧.૧૯ | શ્રી આવક-ખર્ચ ખાતું | ૩૩૦૧૯.૦૦ | શ્રી T.D.S. ખાતે I.T. |
| | ૬૧૦૪૦૭.૬૯ ગત વર્ષના જમા | ૧૨૫૦.૦૦ | શ્રી અરિહંતબેન્ક શેર |
| | ૧૧૪૧૭૩.૫૦ ઉમેરો:ચાલુ વર્ષનો વધારો | ૩૩૬૬૨૪.૦૪ | શ્રી વ્યાજ વસુલાત બાકી |
| | ૭૨૪૫૮૧.૧૯ ટોટલ જમા | ૫૪૦૦.૦૦ | શ્રી દુકાન ભાડા વસુલાત બાકી |
| | | ૪૪૨૦૪૩૦.૦૦ | શ્રી S.B.I., નલીયા F.D. ખાતું |
| | | ૩૫૦૦૦૦.૦૦ | શ્રી અરિહંતબેન્ક, મુંબઈ F.D. ખાતું |
| | | ૧૬૭૩૪૯.૮૮ | શ્રી S.B.I., નલીયા S.B. ખાતું |
| | | ૩૧૪૭૦૫.૫૦ | શ્રી અરિહંતબેન્ક, મુંબઈ S.B. ખાતું |
| | | ૧૫૬૦૨.૦૦ | શ્રી રોકડ પુરાંત |
| ૯૨૦૮૯૧૭.૪૨ | કુલ ₹ | ૯૨૦૮૯૧૭.૪૨ | કુલ ₹ |

ઓડીટર્સ : ખીમજી કુંવરજીની કંપની (ગાંધીધામ) તા. ૧૮/૦૬/૨૦૧૬

નોંધ : 03/૦૯/૨૦૧૬ ના વાર્ષિક સામાન્ય સભા નલીયા મધ્યે રાખેલ છે. સર્વે ભાઈ-બહેનોને પધારવા વિનંતી. હિસાબ બાબત કોઈને પણ પૂછવું હોય તો ૦૨/૦૯/૨૦૧૬ સુધી લેખીત જાણ નલીયા ઓફીસે કરવી જેથી મીટીંગ વખતે જવાબ આપવા સરળતા રહે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા (ટ્રસ્ટીગણ)**

|| અહિંસા પરમો ધર્મ || || શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ || || કરુણા સર્વની કલ્યાણકારી ||

# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા

નલીયા (કચ્છ), તા. અબડાસા - ૩૭૦૬૫૫

80 G (5) of I.T. Act, 1961 No. JAM/TAK/I(b) 80G/32/04-05/2072

ટ્રસ્ટ રજી. નંબર : ઈ - ૧૦૫૧ (કચ્છ)

## શ્રી આવક-જાવક ખાતું (તા. ૦૧/૦૪/૨૦૧૫ થી ૩૧/૦૩/૨૦૧૬)

| રકમ | આવક | રકમ | ખર્ચ |
|---|---|---|---|
| ૭૩૨૦૦.૦૦ | શ્રી B.S.N.L. ટાવર તથા મકાન ભાડા | ૨૨૬૦.૦૦ | શ્રી મિલ્કત વેરો ખર્ચ |
| ૫૮૩૬૯૧.૦૦ | શ્રી બેંક વ્યાજ S/B તથા F/D | ૧૧૨૯૨૧.૦૦ | શ્રી રીપેરીંગ ખર્ચ |
| ૧૫૦.૦૦ | શ્રી બેંક શેર ડીવીડન્ડ આવક | ૮૫૯૦.૦૦ | શ્રી વીમો પ્રીમીયમ ખર્ચ |
| ૨૩૭૪૧૪૯.૦૦ | શ્રી ભેટ આવક | ૩૧૯૬૦૭.૦૦ | શ્રી વહીવટી ખર્ચ |
| ૨૬૩૫૦.૦૦ | શ્રી ઢોર વેચાણ | ૨૦૦૦.૦૦ | શ્રી લીગલ ફીસ ખર્ચ |
| ૧૦૦૭૦૦.૦૦ | શ્રી ખાતર વેચાણ | ૧૫૬૪૦.૦૦ | શ્રી ઓડીટ ફી ખર્ચ |
| ૩૧૨૯૮૯.૦૦ | શ્રી દુધ વેચાણ | ૨૪૮૧૯.૦૦ | શ્રી ચેરીટી કમીશનર ફાળો |
| ૪૦૬૨૬.૦૦ | શ્રી પરચુરણ આવક | ૨૯૧૨.૦૦ | શ્રી પરચુરણ ખર્ચ |
| ૯૫૯૪૫૦.૦૦ | શ્રી સરકારી સબસીડી | ૨૯૧૧.૦૦ | શ્રી ઘસારા ખર્ચ |
| ૧૧૦૦૦.૦૦ | શ્રી ખેતીવાડી પેદાસ આવક | ૧૦૮૨૧૫.૦૦ | શ્રી ખેતીવાડી ખર્ચ |
| | | ૩૬૬૧૬૩૬.૦૦ | શ્રી પાંજરાપોળ રનીંગ ખર્ચ |
| | | ૨૨૦૭૯૪.૦૦ | ખર્ચ થી આવક માં વધારો |
| ૪૪૮૨૩૦૫.૦૦ | કુલ ₹ | ૪૪૮૨૩૦૫.૦૦ | કુલ ₹ |

## તા. ૩૧ મી માર્ચ, ૨૦૧૬ સુધીનું પાકું સરવૈયું

| રકમ | રકમ ફંડો અને જવાબદારી | રકમ | રકમ મિલ્કત - લેણાં |
|---|---|---|---|
| ૨૧૦૭૯૨.૨૨ | શ્રી ટ્રસ્ટ ફંડ | ૨૩૬૪૬૩.૦૦ | શ્રી સ્થાવર મિલકત |
| ૯૯૫૯૬૦૭.૭૩ | શ્રી કાયમી ઘાસચારા તીથી ફંડ | ૧૧૦૪૮.૦૦ | શ્રી ફર્નીચર ખાતે |
| | ૯૩૭૧૧૩૮.૭૩ ગત વર્ષના જમા | ૯૫૩૭.૦૦ | શ્રી હીરો હોન્ડા મોટોરસાઈકલ ખાતે |
| | ૫૮૮૪૬૯.૦૦ ચાલુ વર્ષની આવક | ૧૦૬૧૫૦૦.૦૦ | શ્રી ડાંઢર વતરો / ખાણ સ્ટોક |
| | ૯૯૫૯૬૦૭.૭૩ ટોટલ જમા | ૭૮૭૯.૮૩ | શ્રી પાંજરાપોળ વટાંતર |
| ૩૦૦૦.૦૦ | શ્રી દિલીપ લાલજી પટેલ | ૪૪૪૦.૦૦ | શ્રી G.E.B. મીટર ડીપોઝીટ |
| | | ૫૩૨૩૪૦૩.૦૦ | શ્રી દેના બેન્ક F.D.R. નલીયા |
| | | ૬૦૦૦૦૦.૦૦ | શ્રી અરિહંતબેન્ક F.D.R.મુંબઈ |
| | | ૧૨૫૦.૦૦ | શ્રી અરિહંતબેન્ક શેર |
| | | ૪૦૨૬૮.૦૦ | શ્રી વ્યાજ વસુલાત બાકી |
| | | ૯૮૪૧૩.૦૦ | શ્રી T.D.S. ખાતે I.T. |
| | | ૨૮૫૦૮૫.૫૫ | શ્રી દેના બેન્ક, મુંબઈ S.B. ખાતું |
| | | ૭૪૭૭૮૬.૦૩ | શ્રી દેના બેન્ક, નલીયા S.B. ખાતું |
| | | ૫૪૦૪૪૧.૫૦ | શ્રી અરિહંતબેન્ક, મુંબઈ S.B. ખાતું |
| | | ૮૮૨૫.૦૦ | શ્રી રોકડ પુરાંત |
| | | ૧૧૯૭૦૬૦.૦૪ | શ્રી પાંજરાપોળ આવક-જાવક ખાતું |
| | | | ૧૪૧૭૮૫૪.૦૪ ગત વર્ષના નુકશાની |
| | | | ૨૨૦૭૯૪.૦૦ ચાલુ વર્ષનો નફો |
| | | | ૧૧૯૭૦૬૦.૦૪ ટોટલ નુકશાની |
| ૧૦૧૭૩૩૯૯.૯૫ | કુલ ₹ | ૧૦૧૭૩૩૯૯.૯૫ | કુલ ₹ |

ઓડીટર્સ : ખીમજી કુંવરજીની કંપની (ગાંધીધામ) તા. ૧૮/૦૬/૨૦૧૬

નોંધ : ૦૩/૦૯/૨૦૧૬ ના વાર્ષિક સામાન્ય સભા નલીયા મધ્યે રાખેલ છે. સર્વે ભાઈ-બહેનોને પધારવા વિનંતી. હિસાબ બાબત કોઈને પણ પૂછવું હોય તો ૦૩/૦૯/૨૦૧૬ સુધી લેખીત જાણ નલીયા ઓફીસે કરવી જેથી મીટીંગ વખતે જવાબ આપવા સરળતા રહે.

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા વતી (ટ્રસ્ટીગણ)**

|| જય શ્રી સચ્ચા માં ||

|| જય શ્રી પોડસાદાદા || || જય શ્રી ક્ષેત્રપાલ દાદા ||

# વિકમશી નુખના શ્રી સચ્ચા માતાજીની સમૂહ પહેડી

**વિકમશી નુખના સર્વે ભાવિકોને જણાવતાં સહર્ષ આનંદ થાય છે કે માતાજીની સમૂહ પહેડી તા. ૧૪-૮-૨૦૧૬ રવિવારના મુંબઈ મધે આયોજીત કરેલ છે.**

**શુભ દિવસ :**
**૧૪ ઓગસ્ટ ૨૦૧૬, શ્રાવણ સુદ બારસને રવિવાર**

**શુભ સ્થળ :**
**સકકર પંચાયત હૉલ,**
**૧૮/૧, આર.એ. કીડવાઈ રોડ, વડાલા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૩૧.**

**કાર્યક્રમ :** સવારના ૮.૦૦ કલાકે ''ભુઈમાં''ના નિવાસ સ્થાનેથી માતાજીની છબી સાથે પ્રસ્થાન
૮.૩૦ કલાકે હોલ પર સામૈયું
૮.૪૫ માતાજીની સ્થાપના પૂજા
૧૦.૦૦ આરતી, ધૂપ, થાળ, પ્રસાદ
આરતી બાદ રાસગરબાની રમઝટ

- કુટુંબના બાળકો જેમણે અભ્યાસ તેમજ અન્ય ક્ષેત્રોમાં વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરેલ હોય, ઉચ્ચ ગુણાંક સાથે ઉર્તીર્ણ થયા હોય તેમણે વિગત તથા પરિણામની નકલ તા. ૫/૮/૨૦૧૬ સુધીમાં મોકલવા.
- સવારના નવકારશીની સગવડ છે
- કાળા કપડા, ચામડાના બેલ્ટ, પર્સ વિગેરે વર્જ્ય છે.
- નિયાણી બહેનોને આ પ્રસંગે સહકુટુંબ પધારવા આગ્રહભર્યું આમંત્રણ છે.

સંપર્ક : **નિલેશ કરમશી વિકમશી - 098207 82431**
**અખિલેશ ધનજી વિકમશી - 098198 27280**
**સતીશ કાનજી વિકમશી - 098701 31193**

પત્ર વ્યવહાર સંપર્ક :

**શ્રી કાંતિભાઈ કરમશી વિકમશી**

૪૧૨, મેકર ચેમ્બર્સ નં. ૫, પ્લોટ નં. ૨૨૧, નરીમન પોઈન્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૧
E-mail : **kantikaramsey@vsnl.net / akhileshdv@gmail.com**

**નોંધ : આપના પત્રો / ઈ-મેલ તા. ૫/૮/૨૦૧૬ થી પહેલા મોકલવાની વિનંતી છે.**

- : નિમંત્રક :-

**શ્રી વિકમશી પરિવાર સચ્ચામાં સમૂહ પહેડી સમિતિ**

## ૨૦૭૨ના અચલગચ્છીય ચાતુર્માસની સૂચિ

(અચલગચ્છાધિપતિ-ક્રિયોદ્ધારક દાદા સાહેબ પૂ.આ.ભ. શ્રી ગૌતમસાગરસૂરીશ્વર મ.સા.ના સમુદાયના શાસન સમ્રાટ, ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. સમુદાયના સુવર્ણ વર્ષીતપ (૫૦) આરાધક, ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિ સાધુ-સાધ્વીજીઓનું ૨૦૭૨નું ચાતુર્માસ લીસ્ટ)

| ક્રમ | નામ | ઠા. | ચાતુર્માસ સ્થળ |
|---|---|---|---|
| ૧) | અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. | | |
| | શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. | ૭ | ગુણોદયપૂરમ્-પાલીતાણા (સૌ.) |
| | પૂ. ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજ મ.સા. | | સંપર્ક : બીપીનભાઈ - મો. ૦૯૮૭૯૭૦૦૪૦૬ |
| ૨) | પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. | ૧૧ | રામજીકા ગોલ. જી. બાડમેર, રાજસ્થાન |
| | | | સંપર્ક : ફોન- ૦૭૦૨૩૧૭૦૯૧૧ (રણછોડભાઈ) |
| ૩) | પૂ. ગણિવર્યશ્રી કવીન્દ્રસાગરજી મ.સા. | ૨ | વડાલા-મુંબઈ |
| ૪) | પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ.સા. | ૪ | ભદ્રેશ્વરતીર્થ-કચ્છ |
| ૫) | પૂ. મુનિરાજશ્રી પૂર્ણદયસાગરજી મ.સા. | ૧ | શિવમસ્તુ સાધના કેન્દ્ર, માંડવી, કચ્છ |
| ૬) | પૂ. મુનિરાજશ્રી પૂણ્યોદયસાગરજી મ.સા. | ૨ | નલીયા-કચ્છ |
| ૭) | પૂ. મુનિરાજશ્રી સર્વોદયસાગરજી મ.સા. | - | કોલ્હાપુર નજીક ફાર્મ |
| ૮) | પૂ. મુનિરાજશ્રી કમલપ્રભસાગરજી મ.સા. | ૫ | ગૌતમ ગુણ વિહાર ધામ - પાલી - રાજસ્થાન |
| ૯) | પૂ. મુનિરાજશ્રી મલયસાગરજી મ.સા. | ૨ | ગોધરા - કચ્છ |
| ૧૦) | પૂ. મુનિરાજશ્રી જગવલ્લભસાગરજી મ.સા. | ૧ | ગદગ (કર્ણાટક) |
| | **શ્રમણી સમુદાય** | | |
| ૧) | પ.પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. | ૨ | પાલીતાણા તીર્થ |
| ૨) | પ.પૂ.સા. શ્રી અરૂણોદયશ્રીજી મ.સા. | ૬ | મુલુન્ડ ઈસ્ટ-મુંબઈ |
| ૩) | પ.પૂ.સા. શ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા. | ૨ | પાલીતાણી તીર્થ |
| ૪) | પ.પૂ.સા. શ્રી હંસાવલીશ્રીજી મ.સા. | - | સાંયરા - કચ્છ |
| ૫) | પ.પૂ.સા. શ્રી પૂર્ણાનંદશ્રીજી મ.સા. | ૩ | ૭૨ જિનાલય તીર્થ - કચ્છ |
| ૬) | પ.પૂ.સા. શ્રી ગુણલક્ષ્મીશ્રીજી મ.સા. | ૩ | ચાલીસગામ-મહારાષ્ટ્ર |
| | પ.પૂ.સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. | | |
| ૭) | પ.પૂ.સા. શ્રી જયરેખાશ્રીજી મ.સા. | ૨ | ૭૨ જિનાલય તીર્થ - કચ્છ |
| ૮) | પ.પૂ.સા. શ્રી જ્યોતિઃપ્રભાશ્રીજી મ.સા. | ૨ | ૭૨ જિનાલય તીર્થ - કચ્છ |


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ
Iris Banquette
Ideal For :
• ENGAGEMENT
• WEDDING
• BABY SHOWER
• CONFERENCE
• GET TOGETHER
• MEETING - SEMINAR &
• ALL JOYOUS OCCASION
• સગપણ વિધિ
• લગ્નોત્સવ
• શ્રીમંત પ્રસંગ
• કોન્ફરન્સ
• ગેટટુગેધર
• મિટીંગ - સેમિનાર
બધા શુભપ્રસંગો માટે આદર્શ
Contact: Arvind Dand (Bayath) - 9892036390
Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road, Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.
આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો

| | | | |
|---|---|---|---|
| ૯) | પ.પૂ.સા. શ્રી વિચક્ષણાશ્રીજી મ.સા. | ૧ | પાલીતાણા તીર્થ - (સૌ.) |
| ૧૦) | પ.પૂ.સા. શ્રી અભયગુણાશ્રીજી મ.સા. | ૫ | ઘાટકોપર ઈસ્ટ - મુંબઈ |
| ૧૧) | પ.પૂ.સા. શ્રી આત્મગુણાશ્રીજી મ.સા. | ૧ | ૭૨ જિનાલયતીર્થ - કચ્છ |
| ૧૨) | પ.પૂ.સા. શ્રી ભાવપૂર્ણાશ્રીજી મ.સા. | ૨ | ૭૨ જિનાલય (કચ્છ) |
| ૧૩) | પ.પૂ.સા. શ્રી કીર્તિલતાશ્રીજી મ.સા. | ૨ | ભૂજ (કચ્છ) |
| ૧૪) | પ.પૂ.સા. શ્રી વિશ્વલતાશ્રીજી મ.સા. | ૨ | નવનીતનગર - ડોંબીવલી (પૂર્વ) |
| ૧૫) | પ.પૂ.સા. શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. | ૭ | બાડમેર - રાજસ્થાન |
| ૧૬) | પ.પૂ.સા. શ્રી યશઃપ્રભાશ્રીજી મ.સા. | ૨ | પાલીતાણા તીર્થ (સૌ.) |
| ૧૭) | પ.પૂ.સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. | ૫ | ડોંબીવલી ઈસ્ટ - સુવિધાનાથ દેરાસર ઉપાશ્રય |
| ૧૮) | પ.પૂ.સા. શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. | ૨ | પાલીતાણા તીર્થ (સૌ.) |
| ૧૯) | પ.પૂ.સા. શ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા. | ૨ | વાશી-નવી મુંબઈ |
| ૨૦) | પ.પૂ.સા. શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા. | ૫ | અનંતનાથ જિનાલય, મસ્જિદબંદર |
| ૨૧) | પ.પૂ.સા. શ્રી ભદ્રગુણાશ્રીજી મ.સા. | ૩ | ચેમ્બુર-મુંબઈ |
| ૨૨) | પ.પૂ.સા. શ્રી નયપૂર્ણાશ્રીજી મ.સા. | - | તાલીતાણા |
| ૨૩) | પ.પૂ. સા. વિજયપૂર્ણાશ્રીજી મ.સા. | ૩ | હુબલી (કર્ણાટક) |
| ૨૪) | પ.પૂ. શ્રી મહાયશાશ્રીજી મ.સા. | ૧ | સુથરી તીર્થ- કચ્છ |
| ૨૫) | પ.પૂ.સા. શ્રી અમિતગુણાશ્રીજી મ.સા. | ૩ | શિવમસ્તુ સાધના કેન્દ્ર, માંડવી - કચ્છ |
| ૨૬) | પ.પૂ.સા. શ્રી જયકીર્તિશ્રીજી મ.સા. | ૧ | જખૌ-કચ્છ |
| ૨૭) | પ.પૂ.સા. શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. | ૪ | સાંગલી-મહારાષ્ટ્ર |
| ૨૮) | પ.પૂ.સા. શ્રી મૌનગુણાશ્રીજી મ.સા. | ૩ | જશાપર - અબડાસા (કચ્છ) |
| ૨૯) | પ.પૂ.સા. શ્રી ચારૂદર્શનાશ્રીજી મ.સા. | ૨ | દેવલાલી (મહારાષ્ટ્ર) |
| ૩૦) | પ.પૂ.સા. શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. | ૩ | ખામગામ - મહારાષ્ટ્ર |
| ૩૧) | પ.પૂ.સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. | ૨ | બાયઠ-કચ્છ |
| ૩૨) | પ.પૂ.સા. શ્રી ચારૂગુણાશ્રીજી મ.સા. | ૨ | રાણધણજર (કચ્છ) |
| ૩૩) | પ.પૂ.સા. શ્રી ભાવગુણાશ્રીજી મ.સા. | ૨ | મુલુન્ડ (વેસ્ટ) |
| ૩૪) | પ.પૂ.સા. શ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા. | ૨ | ડુમરા-કચ્છ |
| ૩૫) | પ.પૂ.સા. શ્રી આગમકિરણશ્રીજી મ.સા. | ૨ | આદિપૂર - કચ્છ |
| ૩૬) | પ.પૂ.સા. શ્રી સમયગુણાશ્રીજી મ.સા. | ૨ | રાયપુર - છત્તીસગઢ |
| ૩૭) | પ.પૂ.સા. શ્રી સમકિતગુણાશ્રીજી મ.સા. | ૩ | આદેશ્વર જિનાલય, ભાતબજાર |
| ૩૮) | પ.પૂ.સા. શ્રી આત્મકિરણશ્રીજી મ.સા. | ૧ | પાલીતાણા તીર્થ |
| ૩૯) | પ.પૂ.સા.શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. | ૧ | તેરા (કચ્છ) |
| ૪૦) | પ.પૂ.સા. શ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા. | ૨ | સાંધવ (કચ્છ) |

**ખાસ નોંધ : વિવિધ માધ્યમોના સંપર્કથી તૈયાર થયેલ છે. આ સૂચિમાં સાધારણ ફેરફાર સંભવ છે.**

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :**
**વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યાએવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# શું મહિલાઓ માટે પુરુષસમોવડી થવાની બાબતમાં લક્ષ્મણરેખા દોરવાનો સમય આવી ગયો છે?

**સ્ત્રી-પુરુષની સમાનતાની વાત અત્યારે ખૂબ મહત્ત્વની બનતી જાય છે એ સમયે સિંગલ મધર બનીને સમાજનો સામનો કરનારી અને સ્ત્રી-સશક્તીકરણનું ઉદાહરણ પૂરું પાડનારી એક્ટ્રેસ નીના ગુપ્તાએ કમેન્ટ કરી છે કે સ્ત્રીએ પુરુષસમોવડી થવાની જીદ છોડીને એ સ્વીકારી લેવું જોઇએ કે તેનું સ્થાન પુરુષ પછી જ છે અને એમ થશે તો જ તેમના રિલેશનની ગાડી બરાબર ચાલશે. આ બાબતે કેટલાક અગ્રણીઓનાં ભિન્ન-ભિન્ન મંતવ્યો જાણીએ.**

**- ડૉ. કમલા ગણેશ,** સોશ્યલૉજિસ્ટ

આટલાં વર્ષો સુધી દેશના મોટા ભાગના હિસ્સાઓમાં સ્ત્રીઓને દબાવીને રાખવામાં આવી અને તેમણે કેદ જેવી અવસ્થામાં રહેવું પડ્યું એનું કારણ ક્યાંક ને ક્યાંક સ્ત્રીઓની પોતાની માનસિકતા પણ હતી.




ફરી એક વાર સ્ત્રી દ્વારા જ પોતાને નીચી ગણવાનું કહેવામાં આવી રહ્યું છે એ ખરેખર યોગ્ય નથી લાગતું. સ્ત્રી અને પુરુષ એકબીજાનાં પૂરક હોવાં જોઇએ અને આપસી સમજણથી એકબીજાને સહયોગી થઈને રહે એ ચાલી શકે, પરંતુ બન્નેનું સ્થાન તો સરખું જ છે. બન્નેમાંથી કોઈ કોઈનાથી ચડિયાતું નથી. બન્ને પોતપોતાની રીતે સક્ષમ છે. એમાં કોઈ સ્ત્રી જો એમ કહે કે મારો નંબર સેકન્ડ જ હોય કે મારું સ્થાન પુરુષ પછી જ આવે તો એ મને યોગ્ય નથી લાગતું. બન્ને સરખાં અને બન્ને એકમેકનાં પૂરક.

સ્ત્રી-સશક્તીકરણનો ગેરલાભ લેવામાં આવી રહ્યો છે એવું પણ ઘણા કહે છે. થતું હશે એવું એની ના નથી, પરંતુ એનો અર્થ એવો જરાય નથી કે સ્ત્રી-સશક્તીકરણનો પ્રચાર જ બંધ થઈ જાય. કાયદાની બે બાજુ હોય જ. ઘણા કાયદાઓનો દુરુપયોગ થાય છે, પરંતુ એનાથી જે લાભ થતો હોય એને અવગણી ન શકાય. જે જગ્યાએ એનો ગેરલાભ લેવાતો હોય ત્યાં કેટલાંક સેફગાર્ડ બનાવી શકાય. બાકી સ્ત્રી માટે લક્ષ્મણરેખા બનાવીને ફરી એને બાંધી દેવાની માનસિકતા સાવ ખોટી છે.

**- મૃણાલિની દેશમુખ,** ઍડ્વોકેટ

હું માનું છું કે સ્ત્રી કે પુરુષની બરાબરી માટે ક્યારેય કોઈ પ્રશ્ન ઊઠવો જ ન જોઈએ. એ બરાબરીનો અધિકાર આપાવાનો અધિકાર બીજા કોઈ પાસે છે જ નહીં. તેઓ સમાન જ છે અને એ સમાનતા તેમને મળવી જ જોઇએ.

આપણે ત્યાં બરાબરીની વાત ચાલે છે એટલે એની ચર્ચા કરીએ, પરંતુ અંગતપણે તો હું માનું છું કે સ્ત્રીનો દરજ્જો પુરુષ કરતાં પણ મોટો છે.એક સ્ત્રી મલ્ટિપલ રોલ નિભાવતી હોય છે. માતા બનાવીને કુદરતે પણ સ્ત્રીઓને પુરુષ કરતાં મુઠ્ઠીઊંચેરી બનાવી દીધી છે. આજે સ્ત્રીઓ ફાઈટર પ્લેન ચલાવે છે, બૅન્ક ચલાવે છે, કંપની પણ ચલાવે છે. એવું એકેય ક્ષેત્ર નથી જ્યાં સ્ત્રીઓ પાછળ હોય તો પછી શું કામ તેણે સ્વેચ્છાએ પોતાને પુરુષ પછી સ્થાન આપવું. બન્નેનાં સ્થાન સરખાં છે અને જો ઊંચ-નીચ કરવી જ હોય તો સ્ત્રીનું સ્થાન પુરુષ કરતાં વધુ ઊંચું છે.

અત્યારે પણ માનસિકતા નથી બદલાઈ અને પુરુષો માત્ર જાહેરમાં પોતાની માનસિકતા છતી નથી કરતા એને કારણે અત્યારે બધી સમસ્યા નિર્માણ થઈ રહી છે. માતા બન્યા પછી સ્ત્રીઓએ અમુક બાંધછોડ કરવાની છે કે પોતાની અમુક બદલાવ લાવવાના છે, કારણ કે એ કુદરતનો નિયમ છે. એની અંદર કોઈ બીજી વ્યક્તિ ફેરફાર ન કરી શકે. એ બાબતને બાદ કરતાં બીજી કોઈ બાબતમાં ક્યાંય કોઈ પણ બાબતમાં જેન્ડરને કારણે સ્ત્રીઓએ બાંધછોડ કરવાની જરૂરિયાત મને તો નથી દેખાતી.

**- હરીશ શેટ્ટી,** સાઈકિયાટ્રિસ્ટ

સ્ત્રી-સશક્તીકરણ એ શ્રેષ્ઠ બાબત છે અત્યારના સમયની. એનો પ્રચાર અને પ્રસાર થાય એમાં કાંઈ જ ખોટું નથી. સ્ત્રી અને પુરુષ સમાન લેવલ પર કામ કરે છે, એમાં બન્ને સરખાં છે. માત્ર બન્નેની ભૂમિકા બદલાતી હોય છે. કોઈક બાબતમાં પુરુષ ૭૦ ટકા જવાબદારી નિભાવતો હોય અને સ્ત્રીના હિસ્સામાં ૩૦ ટકા જવાબદારી આવતી હોય. ક્યાંક સ્ત્રીની જવાબદારી વધી જતી હોય અને પુરુષના ભાગે ઓછું બર્ડન હોય. જવાબદારીના સ્વરૂપ પ્રમાણે બન્નેનો રોલ બદલાતો હોય છે, પરંતુ એને કારણે એમ ન કહી શકાય કે એક આગળ અને એક પાછળ છે, બન્ને સરખાં છે. સ્ત્રી-સશક્તીકરણના નામે મહિલાઓ બિનજરૂરી ફ્રીડમ લઈ


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન

ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com

જ્ઞાતિના સર્વ સંઘોમાં થયેલા ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે ચાતુર્માસ આરાધના કરાવવા પધારેલા પૂજ્યશ્રીઓને નતમસ્તક વંદન તેમજ સર્વે સંઘાને ભાવપૂર્ણ ચાતુર્માસ આરાધનાની ભાવભરી અનુમોદના.

**- ચીમન મોતા** *તન-મન પરિવાર*

**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**

SHIKHARJI Continental

MADHUBAN - JHARKHAND

રહી છે એવું કહેનારા લોકોને કારણે કંઈ એનો પ્રચાર બંધ ન કરી શકાય. મિસયુઝ શેનો નથી થતો. એક ચાકુથી તમે ઍપલ સુધારતા હો અને એ જ ચાકુથી કોઈનું મર્ડર પણ થઈ શકે. એ તો વ્યક્તિ પર નિર્ભર કરે છે.

**– સનત વ્યાસ,** ઍક્ટર

અત્યારના સમયમાં સ્ત્રી અને પુરુષે બન્ને એકબીજાના કદમથી કદમ મિલાવીને ચાલે છે હવે પહેલાં જેવા રૂઢિચુસ્ત વિચારોને વળગી રહેવાથી સ્ત્રીઓના વિકાસને રૂંધવાનું કોઈ કારણ નથી. પહેલાંની સમાજવ્યવસ્થા જુદી હતી અને અત્યારની જુદી છે. સમય પ્રમાણે બદલાવ આવે એ જરૂરી છે. એકે અ સાથે જ પરિવારવ્યવસ્થાની વાત આવે ત્યાં હું નીના ગુપ્તાની વાત સાથે થોડો સહમત થાઉં છું. હું એમ નહીં કહું કે સ્ત્રીનું સ્થાન પુરુષ પછી છે, પરંતુ કેટલીક બાબતોમાં સ્ત્રીનું હોવું જરૂરી છે અને એમાં તેણે બાંધછોડ કરવાની તૈયારી રાખવી જોઈએ. જેમ કે ઘરના નિર્ણયો લેવાના હોય કે બાળકોના ઉચ્છેરની બાબત હોય એ સમયે મમ્મી અથવા પપ્પા બેમાંથી એકે જો પોતાની નોકરી છોડવાની હોય તો સ્ત્રીએ છોડવી જોઈએ, કારણ કે સ્ત્રી કેવી માવજત પુરુષ નથી કરી શકવાનો. એ સમયે પુરુષસમોવડી બનવાની હોડમાં સ્ત્રી જો એ વાત ન સ્વીકારે તો એની અસર તેમના રિલેશન પર અને બાળકના જીવન પર પણ પડે. ક્યાં સ્ત્રીએ બાંધછોડ કરવી અને ક્યાં પુરુષે એ બાબતની સભાનતા કેળવીને સમાનતાની વાત કરવામાં આવે એ વધુ યોગ્ય છે.

# પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**અલ્પેશ હરેશભાઈ ખોના**
ગોરખડી – જામનગર
Computer Engineering
CGPA : **6.26**



**પુજન ભરત છેડા**
ગદગ
B.Com
VI Semester માં **548/700**



**દીપાલી મુકેશ શિયાળ**
ડોંબિવલી – જખૌ
T.Y. B.Com માં **80%**



**વૈભવી ધનપાલ મોમાયા**
સાંયરા – કચ્છ
S.Y. B.Com
IV Semester માં **80%**



**કોયલ કમલેશ શિયાળ**
ડોંબિવલી – જખૌ
S.S.C માં **57.00%**



**હાર્દિક અજય શિયાળ**
ડોંબિવલી – જખૌ
S.S.C. માં **72.00%**



**હિરલ અવિનાશ ખોના**
તેરા – વાશી
S.S.C. માં **92.8%**



**ગૌતમ નરેશ લોડાયા**
સુથરી – ઘાટકોપર
S.S.C. માં **90.40%**



**લિનીતા (વીણા) દેવેન્દ્ર પીર**
બાયઠ – દીગ્રસ
S.S.C માં **87.20%**



**હર્ષિતા (કિરનબેન) કિશોર મોમાયા**
ભાંડુપ – સાંયરા
S.S.C. માં **87.00%**





**માનસી તરૂણ નાગડા**
Master of Science
IV Semester CGPA = **6.83**

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### આણંદ મહાજન દ્વારા અષાઢી બીજ ઉજવણી

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન આણંદ દ્વારા અષાઢી બીજને તા. ૦૬-૦૭-૨૦૧૬ના રોજ શ્રી નિતીનભાઈ ઝવેરચંદ ધરમશીના ઘરે મહાકાળી માતાની ભાવના રાખેલ. જેમાં ભાવિકોએ સરસ રમઝટ બોલાવેલ.

ભાવના બાદ શ્રી અમીત મોતા દ્વારા તૈયાર કરેલ શ્રી પાર્શ્વનાથ ભગવાન પર આધારીત હાઉસી ગેમ રમાડેલ સર્વેએ ઉમંગભેર ભાગ લીધેલ ને વિજેતાઓને ઈનામ આપેલ.

ડૉ. શ્રી ઠાકરશીભાઈ મૈશેરીએ કચ્છી નવા વર્ષના શુભ અવસરે મહાજનને રૂા. ૧૧૦૦/-નું અનુદાન આપેલ.

### જ્ઞાતિ આગેવાન પ્રબોધ મુનવરને પેરા લીગલ વોલ્યન્ટીયર તરીકે નિયુક્ત કરાયા

કચ્છ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજ-કચ્છ દ્વારા શ્રી પ્રબોધ એચ. મુનવરની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજ-કચ્છનાં પેરા લીગલ વોલ્યન્ટીયર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ નવી દિલ્હીની જુદી-જુદી ૭ યોજનાઓનાં અમલીકરણ માટે ન્યાયધિશશ્રીઓને ટીમ લીડર તરીકે અને સરકારશ્રીનાં જુદા-જુદા વિભાગના અધિકારીઓ, એડવોકેટશ્રીઓ, સામાજિક કાર્યકરશ્રીઓને પેરા લીગલ વોલ્યન્ટીયર તરીકે નિયુક્ત કરવામાં આવે છે.

### જ્ઞાતિ આગેવાને 'સાપ્તાહિક દિવ્ય હિન્દી' સાપ્તાહિક શરૂ કર્યું

આકોલાના જ્ઞાતિ આગેવાન જ્યોતિન્દ્ર શાંતિલાલ જૈન (દંડ)એ 'સાપ્તાહિક દિવ્ય હિન્દી' શરૂ કર્યું છે.

### સખીવૃન્દ પુના

સખીવૃન્દ પુનાથી મિટિંગ તા. ૦૨ જુલાઈના જિનલ દેવેન્દ્ર લોડાયા ના ઘરે મિટીંગ લેવાઈ, જેમાં જિનલે પોતાની કલાત્મક રુચિનો પ્રદર્શન કરવા ડીઝાઈનક સાડી ઘર કેવી રીતે બનાવવી એના ઉપર પ્રકાશ પાડેલ.

પાટલીનું ભાગ, પાલવ અથવા સાડીનું તર ને કાપી, મળતા અથવા વિરોધી રંગોના વિવિધ કાપડને જોડી નવી સાડી બનાવવી એવા છ પ્રકારની સાડીની માહિતી આપેલ. તેમજ એક સાડીનું સુંદર પ્રત્યક્ષીકરણ પણ કરેલ.

લેસ, પૅચનો ઉપયોગ કરી તેને વધારે સુંદર કરી શકાય એ જણાવ્યું, ઉંમર અનુસાર સાડીને નવો રૂપ અપાય એની સૂચના આપી. મિટીંગની યાદગીરી રૂપે પોતે હાથે બનાવેલ રૂમાલ આપ્યા.

### ભાંડુપ સમાચાર

જેઠ માસની પૂનમ ભરતા ભાંડુપના ભલારા દાદાના ભક્તો, ૫૧ જણ લાલપુર પધાર્યા હતા. જેમાં ૧૫ તો સજોડે આવ્યા હતા. આ પૂનમીયા ભક્તો છેલ્લા થોડા સમયથી હર પૂનમે પધારે છે. દાદાની પહેડી ધરાવવાનો લાભ ભલાર દાદાના ભૂવાશ્રી દિનેશભાઈ દંડની દિકરી અ.સૌ. કાજલ મીતેશ સોનીએ લીધો. સૌએ દાદાની પહેડી, પૂજા-આરતીમાં ભાગ લીધો. રાતે લાલપૂરના ભીમાભાઈ એન્ડ પાર્ટી એ ડાયરો જમાવતાં મઝા પડી.

મસ્જીદ બંદરે અનંતનાથ દાદા દરબાર મસ્જીદ બંદરે પ.પૂ. સા. શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ત્રણના ચા. મા. પ્રવેશે શ્રી ભાંડુપ સંઘના ૫૦ જણ ગયા હતા.

ભાંડુપમાં તા. ૧૦/૭/૨૦૧૬, રવિવારના પ.પ. સા. શ્રી અનંતકિરણાશ્રીજી મ.સા. આદીઠાણા પાંચનું ચા. મા. પ્રવેશ ખૂબ ઉલ્લાસે થયું. પૂજ્યશ્રીએ ચા. મા. પ્રવેશને ''આત્મામાં ધમ પ્રવેશ'' ગણાવી રોચક સમજણ આપી. ૩૦૦ જણ પધાર્યા. નવકારશી થઈ મા. લક્ષ્મીબેન રતનશી શીયાળ તરફથી.

અષાઢી બીજના ક્ષેત્રપાળ દાદાની પહેડી તથા જિનાલયે બીરાજીત સાત દેવ દેવીઓન વસ્ત્રે - ચુંદડી પહેરાવવામાં આવ્યા.

અષાઢી બીજના શ્રી દિનેશ વિશનજી દંડ તરફથી ભલારા દાદાની ભાવના ભણાવવામાં આવી. વિનય લોડાયાએ કચ્છી નવા વરસની શુભેચ્છા આપી. રાજુ ઢોલી, ફાલ્ગુન ખોના તથા હરીશ ડાઘાએ કસુંબલ રંગ જમાવ્યો. શ્રી ભાંડુપ સંઘમાં આ મહિને સંખ્યાબંધ ચા. મા. શ્રમણ શ્રમણીઓની પુષ્કળ આવન જાવન થતાં અનંતનાથ ટ્રસ્ટ તથા શ્રી સંઘે વૈયાવચ્છ કરી.

### ભાવનગર કચ્છ સમાજ દ્વારા કચ્છી નવવર્ષની ઉજવણી

**ભાવનગર કચ્છ સમાજ દ્વારા** અષાઢ સુદ બીજ કચ્છી નવું વર્ષની ઉજવણી ભાવનગર ખાતે રાખવામાં આવી હતી. ભાવનગર શહેર અને જીલ્લામાં વસતા કચ્છી ભાઈ બહેનોએ તેમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **રાકેશ એમ. શાહ (લોડાયા)**<br>(PS 7267) | એ/૫૦૪, મયુરેશ રેસીડેન્સી, એશિયન પેઈન્ટ્સની સામે, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો.: ૯૮૯૨૯ ૭૫૭૮૯ |
| **વાલજી એલ. ધરમશી**<br>(PS 1799) | એ-૨, રાજ મયુર બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, સેવારામ લાલવાની રોડ, શુભમ્ શ્રેયશ બિલ્ડીંગ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **તારક એચ. પટેલ (નાગડા)**<br>(PS 2072) | ૯૦૨, સદ્ગુરૂ સુપ્રીમ, બિલ્ડીંગ નં. ૯, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૯૮૨૦૨ ૭૩૮૦૯ |
| **વિનય એસ. વિકમશી**<br>(PS 6152) | એ-૮૦૨, મિલન હાઈટ્સ, અગ્રવાલ સ્કુલ પાસે, પિપલીયાહાના-બાયપાસ લીન્ક રોડ, ઈન્દોર - ૪૫૨ ૦૧૬, એમ.પી. ફોન: ૦૭૩૧-૨૯૭૭૭૯૨ મો.: ૯૮૨૭૦ ૯૭૬૭૪ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૫-૧૬ | જોગેશ્વરી | દીશીતા, દિપલ નેવીલ ભરત નાગડા<br>દિવ્યા, દિપલ નેવીલ ભરત નાગડા | પરજાઉ | જોડીયા પુત્રીઓ |
| ૧૮-૦૬-૧૬ | બરોડા | નીર, અમીશા સચિન લક્ષ્મીચંદ દંડ | - | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૭-૧૬ | કોચીન | પ્રિયાંક ભરત નવીન ખોના | નલીયા | ૨૬ |
| | કોઈમ્બતુર | શ્વેતા જીતેન ચીમનલાલ દંડ | લાલા | ૨૨ |

### સગપણ છૂટા (ભુલ સુધાર)

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૬-૧૬ | ડોંબીવલી | વિરલ કીરીટ રતનશી નાગડા | સાંધણ | ૨૫ |
| | મુલુંડ | ચાર્મી કિર્તી વેલજી ધરમશી | સાંધણ | ૨૨ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૭-૧૬ | પૂના-તળેગાંવ | ધવલ મિલીન લાલજી મોમાયા (પટેલ) | સાંયરા | ૨૫ |
| | હુબલી | મોનીકા મણીકાન્ત મેઘજી લોડાયા | સાંયરા | ૨૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૭-૧૬ | કાંજુર માર્ગ | ચીમનલાલ શામજી મૈશેરી | જખૌ | ૮૪ |
| ૧૨-૦૭-૧૬ | ભાંડુપ | અમૃત વેરસી જીવાણી | જખૌ | ૫૧ |
| ૧૪-૦૭-૧૬ | ખરડી | ગુણવંતી વેલજી ધરમશી નાગડા | રંગપુર | ૮૬ |
| ૧૫-૦૭-૧૬ | ડોંબીવલી | કાન્તીલાલ કે. દંડ | મંજલ | ૭૮ |
| ૧૬-૦૭-૧૬ | ઘાટકોપર | ગુલાબચંદ હંસરાજ ધુલ્લા | સેવક ભરૂડીયા | ૮૪ |
| ૧૬-૦૭-૧૬ | જલગામ | દેવકાબાઈ શામજી મૈશેરી | વારાપધર (કોઠારા) | ૮૪ |
| ૧૬-૦૭-૧૬ | ડોંબીવલી | મીઠીબાઈ ધનજી મોમાયા | વરાડીયા | ૭૮ |
| ૧૬-૦૭-૧૬ | ભાંડુપ | ગં. સ્વ. ધનબાઈ હંસરાજ ધરમશી | લાલા | ૭૨ |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# શ્રી લક્ષ્મીચંદ ભારમલ નાગડાને જન્મશતાબ્દીએ સ્મરણાંજલિ - ૧લા પાનેથી ચાલુ

## 'રાસેશ્વર' લક્ષ્મીચંદ નાગડાની જન્મશતાબ્દી



ચાંપશીભાઈ નાગડા અને લક્ષ્મીચંદભાઈ નાગડાની બંધુબેલડી ધમાલ રાસ રમતી જોવી એ લહાવો હતો.

જુલાઈ મહિનો લક્ષ્મીચંદ નાગડાનો જન્મ અને વિદાયનો મહિનો છે. અલબત્ત લક્ષ્મીચંદભાઈની તો જન્મશતાબ્દી ચાલે છે અને ૨૩મી જુલાઈએ એમનો જન્મદિવસ છે. આ બંને ભાઈ એકતા અને સંપની મિસાલ હતા. મુંબઈમાં જાહેર સમારંભોમાં બંને સાથે જ હાજરી આપતા. બંને વચ્ચે એટલો સંપ હતો કે કપડાં-ચપ્પલ સરખા જ પહેરતાં. બંને ભાઈ એઈટી ટ્વેન્ટીનો ઝભ્ભો, ફિન્લે મિલની બ્રેસલેટ ધોતી, આર.સી. શાહની ટોપી, પગમાં જે. જે. ઍન્ડ સન્સની ચપ્પલ પહેરતા. માથામાં રતલામથી મગાવેલું તેલ નાખતા. આ ટ્રેડિશન બંને ભાઈ જીવ્યા ત્યાં સુધી ચાલુ રહી હતી.



વિદેશી કલાકારો સાથે

લક્ષ્મીચંદભાઈ વિષે વાત કરતા પહેલાં બંને ભાઈ વિશે થોડી વાત. કચ્છી ધમાલ રાસને એમણે વિખ્યાત કરી હતી. એકવાર અવિનાશ વ્યાસ આ ધમાલ રાસ જોવા હાજર હતા. બંધુઓની ધમાલ રાસ જોઈને એવા તો પ્રભાવિત થઈ ગયા કે એમણે કવિતા રચી હતી :

બાજે ઢોલ અને શરણાઈ
તાલ ધમારની લય વિલંબિત સાજ ઉપર બંધાઈ
બે મરદ પૂછાળી કચ્છી કાયા રાસ મહી રંગાઈ
ઊભા... ઊભા.... બેઠા... બેઠા...
સૂતા... સૂતા.... રમતા ભાઈભાઈ
દ્રુત લઈથી ધ્રૂજી ધરતી ને 'આંધી' ગઈ છવાઈ
'રાસેશ્વર' બે બાંધવ કેરી શોભી ઊઠી સગાઈ

મીનું મસાણીએ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત નૃત્યાચાર્ય ઉદયશંકર અને અમલાદેવીના માનમાં મુંબઈની બ્લેવેસ્કી લોજની અગાસી પર સત્કાર સમારંભ યોજ્યો હતો. તેમાં ચાંપશીભાઈ અને લક્ષ્મીચંદભાઈની ધમાલ રાસ યોજ્યો હતો. રાસ પૂરો થતાં ઉદયશંકર ઊભા થઈને બંને બંધુઓને ભેટી પડ્યા હતા અને કહ્યું હતું. ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ સબ જગે ગૂમા હું' મગર ઐસા રાસ કહીં નહિ દેખા.

નવરાત્રિમાં 'રાસેશ્વર' બંધુઓના રાસ યોજાતા, ખેતવાડી, પાર્લા, ચીંચબંદર બધી જગ્યાએ આ કલાકારો જતા. ૧૯૩૯માં ફિલ્મ ઉદ્યાગને ૨૫ વર્ષ પૂરા થયા ત્યારે નૃત્યકાર - નૃત્ય ડાયરેક્ટર યોગેન્દ્ર દેસાઈએ ખાસ રાસનો સમાવેશ કર્યો હતો. મેક્ઝીમ ગોર્કી સ્ટીમર-૧ અને નં. ૨ નામની લક્ઝરી સ્ટીમરમાં હજાર-હજાર પ્રવાસીઓ સમક્ષ ધમાલ રાસ રજૂ કર્યો હતો. રાસ જોઈને વિદેશીઓ ખૂબ પ્રભાવિત થયા હતા.

આ કલાકાર બંધુઓ નાટ્ય કલાકારો માટે રસપૂરીની પાર્ટી યોજતા તેમાં અવિનાશ વ્યાસ, કાંતિ મડિયા, પદ્માબેન ઉપેન્દ્ર ત્રિવેદી વગેરે આવતા.

ફિલ્મ-નાટકમાં કામ કરવાનો શોખ બંને ભાઈને હતો, પણ ચાંપશી-ભાઈએ તો ફૂલટાઈમ ફિલ્મ-નાટક તરફ વળી ગયા એટલે લક્ષ્મીચંદભાઈએ ધંધો સંભાળ્યો. સંયુક્ત પરિવારમાં એ ભાત બજારમાં અનંત નિવાસમાં બીજા માળે રહેતા. લક્ષ્મીચંદભાઈને ત્રણ દીકરી અને ત્રણ દીકરા અને ચાંપશીભાઈને એક દીકરો અને ચાર દીકરી. બંને ભાઈ એમ કહેતા મને ૧૧ સંતાન છે. એટલે બંને વચ્ચે કોઈ ભેદ નો' તો.

લક્ષ્મીચંદભાઈને ધંધા પર બેસવું પડ્યું એટલે ફિલ્મ-નાટકની લાઈન છોડી દીધી. એમ છતાં તેમણે 'નાગા બાવા', 'આપઘાત' અને 'સોયનું નાકું' નાટકમાં અભિનેતા તરીકે કામ કર્યું હતું. ગુજરાતી ફિલ્મો 'હિરો સલાટ'માં 'બાબરા ભીલ'નો રોલ કર્યો હતો. પરિવારજનો લક્ષ્મીચંદભાઈને 'અધા' કહેતા.

અબડાસા તાલુકાનું રાપર ગઢવાળી ગામ એમનું વતન. એમનો જન્મ ૨૩મી જુલાઈ એ ૧૯૧૬ના થયો હતો. ૧૫ વર્ષનો થયા ત્યારે રૂ બજારમાં નોકરીએ લાગ્યા. ૧૭ વર્ષની ઉંમરે પિતાનું અવસાન થયું હતું. ૫૫ વર્ષની વયે પોતાનો સ્વતંત્ર ધંધો મે. લક્ષ્મીચંદ પદમશી એન્ડ કાં. નામે રૂનો ધંધો શરૂ કર્યો હતો.

૭૫ વર્ષના થયા ત્યાં સુધી નિયમિત કસરત કરતા. શીર્ષાસન દરરોજ કરતા. પાર્કિન્સન્સની તકલીફને કારણે કસરત બંધ કરવી પડી હતી. ૭૫ના થયા ત્યાં સુધી દાંડીયારાસ બંને ભાઈ રમતા. યુ ટ્યુબ પર ધમાલ રાસનો વીડિઓ છે. ૫ જુલાઈ, ૧૯૯૯માં ૮૪ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું.

મિત ભાષી, અજાત શત્રુ અને પરગજુ સ્વભાવના લક્ષ્મીચંદભાઈને 'ભાઈ' તરીકે સંબોધતા નાટ્ય સિને જગતમાં 'મોટા ભાઈ' તરીકે ઓળખાતા.

રાપર ગઢવાળી ગામ માટે હંમેશા ઊંડી લાગણી રહી હતી. ત્યાંના ગોડીજી પારસનાથ દેરાસરના ટ્રસ્ટી તરીકે સેવા આપી હતી. દેરાસર તથા ગામની બીજી સંસ્થાઓના ઉત્કર્ષ માટે તનમનધનથી ફાળો આપ્યો હતો.

લક્ષ્મીચંદભાઈ મૂકજીવોના પ્રેમી હતા. દરરોજ સવારે કાગડાને ગાંઠિયા ખવડાવતા અને કબુતરને ચણ નાખતા. જીવ્યા ત્યાં સુધી આ કાર્યને ચૂક્યા નહિ.

**- કનૈયાલાલ જોષી, મુંબઈજી ગાલ**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## જશાપર ગામે ચાતુર્માસ પ્રવેશ જશાપર ગામમાં ભાવિકો ઉમટી પડ્યા





જશાપર ગામને ૨૦ વર્ષ પછી ગામના શ્રમણી રત્ના સુસાધ્વી શ્રી મૌનગુણાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી પરાર્થગુણાશ્રીજી મ.સા. તથા પૂ.સા. શ્રી હીરકગુણાશ્રીજી મ.સા. આદિઠાણા-૩નું ચાતુર્માસ મળતાં ગામવાસીઓ ચઢતા ભાવે ચાતુર્માસ આરાધના કરશે. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનથી જશાપર દ્વારા પૂજ્ય ગુરૂભગવંતોશ્રીઓનું સામૈયું કરવામાં આવેલ. પ્રવેશ પ્રસંગે દેશ-દેશાવર-મુંબઈ-ગુજરાત-કચ્છભરમાંથી જશાપર ગામવાસીઓ માદરે વતન પધાર્યા હતા. કચ્છભરમાંથી ગુરૂભક્તો જશાપર પહોંચ્યા હતા.

ગામના પ્રવેશ દ્વારે પૂજ્યશ્રીનાં સ્વાગત બાદ સ્વાગત યાત્રા ગામમાં ફરી આદિનાથ જિનાલયે પહોંચી હતી. જ્યાં ચૈત્યવંદન બાદ પૂજ્યશ્રીઓએ મંત્રાચ્ચાર વચ્ચે ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો હતો.

અનુસંધાન સમાચાર વિભાગમાં

## ખોના તથા લાપસિયા પરિવારનું ગૌરવ



**ચિ. ડૉ. કાજલ અતુલ ખોના**

(મોટી ખાવડી - ઉદયપુર)

BDS (Bachelor of Dental Survery) માં
ઉતિર્ણ થવા બદલ હાર્દિક અભિનંદન.
અમારી લાડલી **કાજલ**, આમ જ ઉત્તરોત્તર પ્રગતિ કરતી
રહે અને બન્ને કુળનું નામ રોશન કરે.
એજ અમારી શુભેચ્છા તથા આશિષ.

શુભાશિષ

માતા-પિતા : અ.સૌ. શોભા અતુલભાઈ ખોના
બહેન : ચિ. જિનલ અતુલભાઈ ખોના
દાદાણાં : માતુશ્રી કોકિલાબેન પ્રભુલાલ જેતશી ખોના (મોટી ખાવડી-સૂરત)
નાનાણાં : માતુશ્રી નવલબેન હંસરાજ શામજી લાપસિયા (દલતુંગી-સાંતાક્રુઝ)
093524 24593 / 092618 18926

## નાગડા અને લોડાયા પરિવારનું ગૌરવ



**ચિ. પ્રાચી ધીરેન નાગડા (શાહ)**

S.S.C. માં 88.40% સાથે ઉતિર્ણ થવા બદલ
હાર્દિક અભિનંદન.
દિન પ્રતિદિન ઉન્નતિ કરતી રહે એવી શુભેચ્છા સાથે આશિષ.

શુભાશિષ

દાદાણાં : સરલા નવિનચંદ્ર નાગડા (શાહ) (વડાલા - નલિયા)
નાનાણાં : કાંતાબાઈ પ્રતાપસિંહ લોડાયા (પાંચોરા - કોઠારા)
માતા-પિતા : જાગૃતિ ધીરેન નાગડા (વડાલા - નલિયા)
કાકા : નીરેન નવિનચંદ્ર નાગડા (વડાલા - નલિયા)
બેના : રૂચા ધીરેન નાગડા

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,